

# આદિનાથને વંદન અમારા

*The divine devotion*

પ્રિયમ્

## ❁ પ્રથમ દિવસ ❁

**સિદ્ધાચલના વાસી**
**વિમલાચલના વાસી**
**જિનજી પ્યારા**
**આદિનાથને વંદન અમારા**
**પ્રભુજીનું મુખડું મલકે**
**નયનોમાંથી વરસે**
**અમીરસધારા**
**આદિનાથને વંદન અમારા**

૧૪૪૪ ગ્રંથના રચયિતા પૂ.હરિભદ્રસૂરિ મહારાજા શાસ્ત્રવાર્તાસમુચ્ચય નામના ગ્રંથમાં એક અદ્ભુત વાત કરે છે -

**अत एवाऽऽगमज्ञस्य,**
**या क्रिया सा क्रियोच्यते ।**
**आगमज्ञोऽपि यस्तस्यां,**
**यथाशक्ति प्रवर्तते ॥**

ક્રિયા એ સાચી, જે જ્ઞાનીની ક્રિયા છે.
જ્ઞાની એ સાચો,
જે યથાશક્તિ ક્રિયા કરે છે.

ટૂંકમાં,

**સાચી ક્રિયા અવશ્ય જ્ઞાનસહિત હોય છે અને સાચું જ્ઞાન અવશ્ય યથાશક્તિક્રિયાસહિત હોય છે.**

યાત્રા એ સાચી, જેમાં અંતર્યાત્રા છે. અંતર્યાત્રા એ સાચી, જેમાં યથાશક્તિ યાત્રા છે.

સ્તવનના શબ્દોના આલંબને આજે તમને ત્રણ પ્રકારની અંતર્યાત્રાની વાત કરવી છે.

**(૧) પ્રેમયાત્રા :** એક યુવાને પોતાના દીકરાને બોલાવીને કહ્યું - ''જો બેટા, આજે મારે તારી સાથે એક ખુલાસો કરવો છે, આજ સુધી મેં તને ઘણા કડવા શબ્દો કહ્યા છે, તને ગાળો આપી છે, તને લાફા પણ માર્યા છે, પણ એનું કારણ એટલું જ છે, કે તારા પ્રત્યે મને પ્રેમ છે.'' દીકરાએ કહ્યું, ''તો પપ્પા હું ય એક ખુલાસો કરી દઉં, એમ તો મને પણ તમારા પ્રત્યે ઘણો 'પ્રેમ' છે, પણ તમે મોટા, હું નાનો, એટલે હું કાંઈ કરી શકતો નથી.''

સાંસારિક 'પ્રેમ'નું આ એક ખુલ્લું ચિત્ર છે. શાસ્ત્રોમાં એક સૂર્યકાંતાની વાત આવે છે, જેણે પતિને ઝેર આપ્યું, ઉપચાર થાય, એ પહેલા ગળે નખ દબાવીને પતિને મારી નાખ્યા. આજે એવી પત્નીઓ છે, જે પતિની ગાડીને કચડી નાખવા માટે ગુંડાઓને સોપારી આપે છે. શાસ્ત્રમાં એક અમરકુમારની માતાની વાત આવે છે, જે ધનના લોભમાં સગા દીકરાને વેંચી દે છે, આજે લાખો માતાઓ પોતાના ગર્ભની હત્યા કરી રહી છે. શાસ્ત્રમાં એક કનકકેતુ રાજાની વાત આવે છે, જે સત્તાના લોભથી પોતાના નવજાત બાળકોને વિકલાંગ કરી દેતો હતો, આજે લાખો પિતાઓ દીકરા સાથે કોર્ટમાં લડી રહ્યા છે. શાસ્ત્રમાં એક કોણિકની વાત આવે છે, જે પિતાને જેલમાં નાખીને હંટરોના માર મારતો હતો, આજે લાખો કોણિક છે, જેમણે પિતાના જીવનને નરક બનાવી દીધું છે.

હું તમને પૂછું છું કે તમારો દીકરો તમારો ક્યાં સુધી ? તમારી પત્ની તમારી ક્યાં સુધી ? તમારા મા-બાપ તમારા ક્યાં સુધી ? તમારા મિત્રો તમારા ક્યાં સુધી ? પરમ પાવન **શ્રી આચારાંગસૂત્ર**માં કહ્યું છે

**तुमं पि नालं तेसिं ताणाए सरणाए वा ।**

બહુ બહુ તો કદાચ આ જીવન સુધી તારા સ્વજનો તારા રહેશે.

બાકી, રોગ-ઘડપણ-મૃત્યુ અને નરકાદિના દુઃખોથી તેઓ તને બચાવી શકે તેમ નથી અને તું તેમને બચાવી શકે તેમ નથી.

**પૂ.મુનિસુંદરસૂરિ** મહારાજા **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રંથમાં કહે છે.

**त्रातुं न शक्या भवदुःखतो ये,**
**त्वया न ये त्वामपि पातुमीशाः ।**
**ममत्वमेतेषु दधन् मुधाऽऽत्मन्,**
**पदे पदे किं शुचमेषि मूढ !? ॥**

સંસારના દુઃખથી તું જેમને બચાવી શકે તેમ નથી અને જેઓ તને બચાવી શકે તેમ નથી, એમના પર વ્યર્થ મમત્વ રાખીને તું ડગલે ને પગલે શા માટે દુઃખી થાય છે ? આ કેવી તારી મૂઢતા !

...જિનજી પ્યારા... આ શબ્દો પ્રેમયાત્રાનું પ્રવેશદ્વાર છે. અનાદિ કાળથી આપણે લૌકિક પ્રેમમાં રાચતા રહ્યા અને દુઃખી થતા રહ્યા. હવે આપણે લોકોત્તર પ્રેમના આસામી થવું છે. એ પ્રેમ, જે ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો-નો નાદ કરતા પૂ. આનંદઘનજી મહારાજે કર્યો હતો, એ પ્રેમ, જે નમિ-વિનમિએ અને દ્રાવિડ-વારિખિલ્લે કર્યો હતો, એ પ્રેમ, જે પુંડરીક સ્વામીએ કર્યો હતો. દેવચન્દ્રજી મહારાજ આ જ પ્રેમની પગદંડી ચીંધે છે.

**પ્રીતિ અનંતી પર થકી**
**જે તોડે તે જોડે એહ**

સાંસારિક અનંત પ્રીતિઓને જે તોડી શકે. એ જ પ્રભુ સાથે પ્રીતિને જોડી શકે.

એક માણસ પર્વતારોહણ કરતાં કરતાં લપસ્યો, ઊંડી ખીણમાં ગબડતા એના હાથમાં કોઈ ડાળખી આવી ગઈ. કોઈ ઝાડનું એ મૂળ હતું. હજાર ફૂટ ઉપર એ અદ્ધર લટકી ગયો. પડે તો હાડકું ય ન મળે, બહાર આવેલી ડાળખીની આજુ-બાજુથી ધીમે ધીમે માટી ખરી રહી છે. એને પરિસ્થિતિ

સમજાઈ ગઈ. એણે ચીસાચીસ કરી મુકી... બચાવો...બચાવો.. પહાડીઓમાં પડઘા પડ્યા ને શાંત થઈ ગયાં. પેલાને જાણે મોત માથે ભમવા લાગ્યું. આંખમાંથી આંસુ નીકળવા લાગ્યા... એણે અંતરથી પ્રાર્થના કરી, 'હે ભગવાન, મને બચાવો'... ને ચમત્કાર... એક દિવ્ય વાણી થઈ.. 'હું આવી ગયો છું. બરાબર તારી નીચે જમીન પર બે હાથ ફેલાવીને ઊભો છું. તું ડાળખીને છોડી દે એટલે હું તને ઝીલી લઉં.' એ માણસને આનંદ તો થયો, પણ એ મુંઝાયો. 'ડાળખી છોડું ને પછી જો મને કોઈએ ઝીલ્યો નહીં તો ?' એણે ફરીથી બૂમાબૂમ કરી... પ્રાર્થના કરી... ફરી દિવ્યવાણી થઈ, ફરી એ મુંઝાયો.

આપણી સ્થિતિ બરાબર એ માણસ જેવી છે. પ્રભુ જોઈએ છે, પણ પત્નીને છોડવી નથી. પરમ જોઈએ છે, પણ પૈસા છોડવા નથી. જિનજી જોઈએ છે, પણ સંસાર છોડવો નથી. એ માણસની ટ્રેજેડી એવી છે, કે એ જાતે ડાળખી ન છોડે તો ટૂંક જ સમયમાં ડાળખીની સાથે જ એ પડવાનો છે ને કૂતરાના મોતે મરવાનો છે. એમ આપણે ય જો સંસાર ન છોડીએ, તો છેવટે સંસારના દુઃખોમાં પડવાનું છે. નિગોદમાં સડવાનું છે ને નરકમાં રડવાનું છે. કોના પર ભરોસો મુકવો ? ડાળખી જેવા પૈસા-પુત્ર-પત્ની-પરિવાર-ઘર-શરીર ઉપર ? કે આદિનાથ ઉપર ? શાસ્ત્રો કહે છે -

**यो ध्रुवाणि परित्यज्य, ह्यध्रुवं परिषेवते ।**
**ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवं नष्टमेव च ॥**

જે શાશ્વતને છોડીને અશાશ્વતને સેવે છે એનું
શાશ્વત પણ નાશ પામે છે.
અને અશાશ્વત તો નાશ પામેલું છે જ.

પ્રેમ તો એને કરવો, જે શાશ્વત હોય. જે કદી બગડે નહીં-બિછડે નહીં અને પ્રેમને બિરદાવી જાણે. એને ઓળખી લઈએ, તો આપણે એના પ્રેમમાં પાગલ બન્યા વિના ન રહીએ. પરમ પાવન શ્રી **આચારાંગસૂત્ર** કહે

છે - **जे अणन्नदंसी से अणन्नारामे**

જે અનન્યને જોઈ લે, તેનું મન
પછી અનન્યમાં જ રમ્યા કરે.

પ્રેમ એ સીડી જેવો છે. સીડી ઉતારે પણ છે અને ચડાવે પણ છે. સવાલ એટલો જ છે, કે એ સીડીને ક્યાં મુકવામાં આવે છે ? ખાડામાં મુકશો તો ઉતારશે, શિખર પર મુકશો તો ચડાવશે. પ્રેમ માતા-પિતા પરથી પત્ની-પુત્ર-પૈસા વગેરે પર જાય એ પ્રેમની અધોગતિ છે. ને દેવ-ગુરુ પર જાય એ પ્રેમની ઉર્ધ્વગતિ છે. પરમ પાવન **શ્રી આચારાંગસૂત્ર** કહે છે

**भेउरेसु ण रज्जेज्जा**

જે નશ્વર છે એને કદી પણ
પ્રેમપાત્ર ન બનાવતો.

પ્રેમ તો કરજે એક માત્ર શાશ્વતને. જિનજી પ્યારા... દ્વારા આપણે આ જ પ્રેમયાત્રા કરવાની છે.

**(૨) વંદનયાત્રા :** એક યુવાને જાહેરાત કરી, 'મારા ઘરનો માલિક હું છું, કારણ કે મારી પત્નીએ આ જાહેરાત કરવાની મને રજા આપી છે.' અનાદિની આ યાત્રામાં વંદન એ કોઈ અપૂર્વ નથી. **भवान् भदपेक्षया उत्कृष्टः** - તમે મારા કરતા મહાન છો, આ સંવેદના 'વંદન'માં રહેલી છે. યોગ્ય વ્યક્તિ પ્રત્યે આ સંવેદના જાગે, તો આત્માનો બેડો પાર થઈ જાય. ઘડો ઝુકે છે, તો ભરાય છે. દરિયો નીચે છે, તો નદીઓ આવી આવીને એમાં પાણી ઠાલવે છે. આપણે આ સંવેદનાના સ્વામી બનવું છે.. આદિનાથને વંદન અમારા.

શ્રીરામે સમજાવટના છેલ્લા પ્રયાસરૂપે અંગદને રાવણ પાસે મોકલેલ. અંગદની બધી સમજાવટ એળે ગઈ. અંગદે ભય દેખાડવાનો પણ પ્રયાસ કરી જોયો, પણ રાવણ પોતાના બળ માટે ગર્વિત હતો. એ માનતો હતો કે રામ-લક્ષ્મણને એ મચ્છરની જેમ ચોળી નાખશે. રાવણનું આ અભિમાન

ઉતારવા માટે અંગદે કહ્યું, ''જો રાવણ, હું મારો આ પગ આગળ મુકું છું. તમારામાંથી કોઈ આ પગને ખસાવી દે, તો સીતા તારી.''

ગજબ. આખી સભા વિસ્મિત થઈ ગઈ. સીતાજીનો આવો સસ્તો સોદો ! રાવણના ઈશારાથી એક સૈનિક આવ્યો, બિચારાએ બધી શક્તિ લગાડી દીધી, પણ પગ તો ટસનો મસ પણ ન થયો. ઈન્દ્રજિત, મેઘનાદ, કુંભકર્ણ બધાં જ નિષ્ફળ ગયા, ત્યારે રાવણ ખુદ ઉભો થયો. આખી સભા ગભરાઈ ગઈ. હજાર વિદ્યાનું સામર્થ્ય, કૈલાસ પર્વતને ઉપાડવાનું પણ જોર... હવે અંગદ ગયો કામથી... હવે એ એવો ફેંકાઈ જશે કે એના ચૂરે ચૂરા થઈ જશે.. આખી સભામાં માત્ર બે જ જણના ચહેરા પર સ્મિત છે.. (૧) રાવણ, (૨) અંગદ. બંને અલગ અલગ આશયથી મરકી રહ્યા છે. રાવણ ઠેક અંગદના પગ સુધી આવીને ઊભો. એના પગને પકડવા માટે એ ઝુક્યો ને ત્યાં જ અંગદે કહ્યું, 'રાવણ, મારો પગ પકડે છે, એના કરતા રામનો જ પગ પકડ ને, તારું ય કલ્યાણ થઈ જશે.''

બિચારો રાવણ, એની દશા કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ. એ જેવો આવ્યો'તો એવો પાછો જતો રહ્યો.

આપણા વંદન માત્ર આદિનાથને હોવા જોઈએ. અને એનો સીધો અર્થ એ જ છે, કે આપણી દૃષ્ટિમાં આદિનાથથી ય મહાન કોઈ જ ન હોવું જોઈએ, ન પત્ની, ન પુત્ર, ન કોઈ મંત્રી કે મુખ્યમંત્રી, ન કોઈ નેતા કે અભિનેતા, ન કોઈ ફેશન કે વ્યસન. વિશ્વની સર્વોત્કૃષ્ટ વ્યક્તિ આદિનાથ જ છે, આવી માન્યતા જડબેસલાક બેસી જાય, ત્યારે જ આપણે વાસ્તવિક વંદન કરી શકશું. હકીકતમાં એવી માન્યતા એ જ અવિરત વંદનયાત્રા છે. જેમાં શેષ અશેષ વિશ્વ મૂલ્યહીન લાગે છે. તદ્દન વ્યર્થ અને સાવ જ તુચ્છ લાગે છે. આનું નામ - **આદિનાથને વંદન અમારા.**

**(૩) શરણયાત્રા :** વંદનનું સીધું પરિણામ છે શરણ. જે શરણયાત્રા કરે છે, એને પ્રભુના મુખનો મલકાટ મંગળ શુકન આપે છે. શરણાગત પ્રત્યે પ્રભુની દૃષ્ટિ અનરાધાર અમીરસધારા વરસાવે છે. આપણી જાત જ્યારે

આપણને સાવ જ અસહાય લાગશે, લાચાર અને અનાથ લાગશે, ત્યારે જ આપણે શરણયાત્રા કરી શકશું.

ટાઈટેનિક સ્ટીમર તૂટી રહી હતી. ૧૫૦૦ પ્રવાસીઓના જીવ જોખમમાં હતાં. સ્ટીમરમાં આવા સંકટના સમય માટે લાઈફ બોટ્સ રાખવામાં તો આવી હતી. પણ તે પૂરતી ન હતી, તેનાથી માત્ર બસો-ત્રણસો જણને બચાવી શકાય તેમ હતાં. બાકીના બધાંનું મૃત્યુ નિશ્ચિત હતું. પાર્ટી મનાવતા એ ૧૫૦૦ યાત્રીઓનો રંગ એ ક્ષણે ઉડી ગયો હતો. બસ, મરી ગયા સમજો... આ ફફડાટ એમના આખા ય શરીરને ધ્રુજાવી રહ્યો હતો. બધાંની આંખોમાંથી ટપોટપ આંસુઓ પડવા લાગ્યા. એક કરુણ આક્રંદે આખા વાતાવરણને ગમગીન બનાવી દીધું. ને પરાકાષ્ઠા તો ત્યારે આવી, જ્યારે બચાવ માટે પ્રવાસીઓની પસંદગી કરતાં કેપ્ટન તરફ રીતસરનો ધસારો થઈ ગયો. એ પ્રવાસીઓમાં કરોડપતિઓ ને અબજોપતિઓ પણ હતાં. યુવાનો અને પ્રૌઢો પણ હતાં, શિક્ષિતો અને પ્રસિદ્ધપુરુષો પણ હતા... ને એ બધાં ય ધ્રુસકે ને ધ્રુસકે રડતા રડતા કેપ્ટનને હૃદયદ્રાવક વિનવણીઓ કરતાં હતાં. અબજોપતિઓ પણ એ કેપ્ટનના પગ પકડીને.. જાત જાતના કારણો રજુ કરીને પોતાને લાઈફબોટમાં લઈ લેવા માટે આજીજી કરતાં હતાં.

આપણે મજેથી બેઠા છીએ, કારણ કે ભવસાગરમાં આપણી નાવ તૂટી રહી છે, એનો આપણને કોઈ ખ્યાલ જ નથી. કેપ્ટન છે પરમાત્મા. હૃદયપૂર્વકની પ્રાર્થના કરાય, તો એ આપણને ચોક્કસ બચાવી લેશે. કેપ્ટન પાસે મર્યાદિત વ્યવસ્થા હતી. પ્રભુની વ્યવસ્થાની કોઈ લિમિટ નથી. કેપ્ટન પાસે બચાવનો ક્રમ હતો. પહેલા બાળકો, પછી સ્ત્રીઓ, પછી પુરુષો, પ્રભુની તો એક જ સિસ્ટમ છે, જે હૃદયપૂર્વકની પ્રાર્થના કરે, એને બચાવી લેવો. તૂટતી ટાઈટેનિકમાં ડુબતા-ગૂંગળાતા- છેલ્લા ડચકા ખાતા પ્રવાસી કરતા પણ આપણી સ્થિતિ વધારે ભૂંડી છે, એવો આપણને ખ્યાલ ખરો ? જ્યાં સુધી આપણને આ ફિલિંગ્સ નહીં સ્પર્શે, ત્યાં સુધી શરણયાત્રાનો પ્રારંભ થવો શક્ય નથી.

ગુલામબજારમાં એક શેઠ આવ્યો, એક હટ્ટાકટ્ટા ગુલામને એણે ખરીદી લીધો. ચૂકવણી થતી હતી, એ સમયે કોઈએ એ ગુલામને પૂછ્યું, ''હવે તું ત્યાં જઈશ ?'' એણે જવાબ આપ્યો, ''મારા શેઠ લઈ જાય ત્યાં.'' ''ક્યાં રહીશ ?'' ''એ રાખે ત્યાં.'' ''શું ખાઈશ ?'' ''એ આપે એ.'' ''શું પહેરીશ ?'' ''એ પહેરાવે તે.'' પેલો પૂછનારો હવે અકળાયો... ''પણ તારી ઈચ્છા શું છે ?'' ગુલામ આ સાંભળીને રીતસર હસી પડ્યો. ને બોલ્યો, ''ગુલામને કોઈ ઈચ્છા હોય ખરી ?''

પેલાને વાત સમજાઈ ગઈ. હવે સમજવાનો વારો આપણો છે. જો એક લોભી, સદોષ શેઠ પ્રત્યે પણ ગુલામ આવી શરણાગતિ દાખવી શકતો હોય, તો આપણે નિઃસ્વાર્થવત્સલ સર્વગુણસંપન્ન પરમાત્મા પ્રત્યે શરણાગતિ ન દાખવી શકીએ ? આપણો 'અહમ્' જ આપણને શરણાગતિ કરતાં રોકી રહ્યો છે. અહમ્ જાય તો આપણું કામ થઈ જાય. કોઈએ ખરું કહ્યું છે –

**डुबोया मुझ को मेरे होने से ।**
**न होता मैं, तो क्यां होता ?॥**

**અહં રે અહં, તું જાને મરી ।**
**પછી મારામાં બાકી રહે તે હરિ ॥**

**'અહં'થી પર થઈને અલ્પતાથી છૂટવા તો દો ।**
**અમે બિન્દુ બનીને ય આખા સિંધુએ રહીશું ॥**

જીવનમાં આપણા સ્વપ્નો કોઈ ઊંચાઈને સર કરવાના હોય છે, હકીકતમાં ખરું કર્તવ્ય તો શરણાગતિના નીચાણને સર કરવાનું છે. આદિનાથને વંદન અમારા ... પ્રેમની આ વીણામાં વંદનના તારોને રણઝણાવીએ અને શરણાગતિના સંગીતથી આપણી આ યાત્રાને સોહામણી કરી દઈએ.

## ❁ દ્વિતીય દિવસ ❁

**પ્રભુજીનું મુખડું છે મલક મિલાકર**
**દિલમેં ભક્તિ કી જ્યોત જગાકર**
**ભજી લે પ્રભુને ભાવે**
**દુર્ગતિ કદી ના આવે**
**જિનજી પ્યારા**
**આદિનાથને વંદન અમારા**

સ્તવનના આ શબ્દોમાં ત્રણ વૃષ્ટિ સમાયેલી છે.

**(૧) પ્રસાદવૃષ્ટિ :** પ્રભુમુખનો મલકાટ એમની કૃપાવૃષ્ટિનું પ્રતિક છે. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા** નામના ગ્રંથમાં આ પ્રસાદવૃષ્ટિને સ્યાદ્વાદદષ્ટિથી સિદ્ધ કરી છે. જે ઈશાનુગ્રહવિચાર દ્વાત્રિંશિકામાં ઉપલબ્ધ થાય છે. **લલિતવિસ્તરા**માં પૂ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

**एकोऽपि शुभभावो भगवत्प्रसादाल्लभ्यः**

એક પણ શુભ ભાવ
મળે છે
એની ભીતરમાં હોય છે પ્રભુકૃપા.

પરમ પાવન **શ્રી પંચસૂત્ર**માં કહ્યું છે-

**अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो**

પ્રભુની શક્તિ પર ખૂબ ખૂબ
ચિંતન કરીએ પછી એક જ સાર
પ્રાપ્ત થાય છે
કે પ્રભુની શક્તિ અચિંત્ય છે.

એક સંત પ્રવચન આપતા હતા, પ્રવચનમાં એક વિદેશી પણ બેઠો હતો. એણે પ્રશ્ન કર્યો કે ''ક્યારેક તમે પરમાત્મા માટે 'જગત્પિતા' શબ્દ કહો છો. ક્યારેક 'વિશ્વજનની' કહો છો. તો એ પરમાત્મા મિસ્ટર છે ? મિસિસ છે ? કે પછી મિસ છે ?'' સંતે સ્મિત સાથે જવાબ આપ્યો, ''એ મિસ્ટર, મિસિસ કે મિસ નથી, પણ મિસ્ટરી છે.''

પ્રસાદવૃષ્ટિ. શક્રસ્તવમાં પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજા કહે છે - **जिनो जयति सर्वत्र**

જિનેશ્વર ભગવંત બધે જ જય પામે છે.

**ષોડશક પ્રકરણ**માં પૂ. **શ્રી હરિભદ્રસૂરિ** મહારાજા કહે છે -

**हृदयस्थिते च तस्मिन्**
**नियमात् सर्वार्थसंसिद्धिः**

શરત એટલી જ છે કે અંતરમાં પ્રભુની પધરામણી થઈ જાય પછી એવો કોઈ મનોરથ નહીં હોય કે જે સિદ્ધ નહીં થાય.

**પ્રભુજીનું મુખડું છે મલક મિલાકર.** વિશ્વના પ્રત્યેક જીવ પર પરમાત્માની કૃપા અનરાધાર વરસી રહી છે. પ્રભુ આપણા પક્ષે છે કે નહીં, આ વિચાર જ અસ્થાને છે. ખરો પ્રશ્ન તો એટલો જ છે, કે આપણે પ્રભુના પક્ષે છીએ કે નહીં ?

રાધાવેધમાં સહાય કરવાની માંગણી અર્જુને શ્રીકૃષ્ણ પાસે કરી, ત્યારે શ્રીકૃષ્ણે અર્જુને જે જે કરવાનું હતું, તેનું માર્ગદર્શન આપ્યું. અર્જુન અકળાયો, 'બધું જ હું કરીશ, તો તમે શું કરશો ?' શ્રીકૃષ્ણ ગંભીર સ્વરે બોલ્યા, ''અર્જુન ! અણીની ઘડીએ પવનની કોઈ લહેર પાણીને ખળભળાવી ન દે, એ જોવાની જવાબદારી મારી છે.'' શ્રીકૃષ્ણની કૃપા ન હોય, તો અર્જુન લાચાર છે. અર્જુન સિંહાસન પર જ બેસી રહે, તો શ્રીકૃષ્ણ લાચાર છે. પ્રસાદવૃષ્ટિ કઈ રીતે મળે, એની વાત બીજી વૃષ્ટિ કરે છે-

**(૨) પુરુષાર્થ વૃષ્ટિ : દિલ મેં ભક્તિ કી જ્યોત જલાકર ભજી લે પ્રભુને ભાવે.** પ્રભુની કૃપા ત્યાં વરસે છે, કે જ્યાં પુરુષાર્થ છે. મનમાં ભક્તિ અને તનમાં યથાશક્તિ સાધના, એ પુરુષાર્થનું સંપુર્ણ સ્વરૂપ છે. આપણે પ્રાર્થના એવી રીતે કરવી જોઈએ, કે બધો આધાર પ્રભુ ઉપર જ હોય, અને પુરુષાર્થ એવી રીતે કરવો જોઈએ કે બધો આધાર આપણા ઉપર જ હોય.

એક સરદારજી વર્ષોથી પ્રભુને પ્રાર્થના કરતા હતાં, ''હે ભગવાન ! મને લોટરી લાગી જાય એવું કર.'' એક દિવસ પ્રભુ ઉપર એમને ગુસ્સો આવી ગયો.. 'આટલા વર્ષોથી તને કહું છું, ને તું સાંભળતો જ નથી ?...' ત્યાં તો દિવ્યવાણી થઈ, ''તું પહેલા લોટરીની ટિકિટ તો ખરીદ.''

આપણે કશું કરવું નહીં, અને પ્રભુ આપણો બેડો પાર કરી દેશે, એવું આપણે વિચારતા હોઈએ, તો આપણે ઘોર અંધારામાં છીએ. મોક્ષનો માર્ગ આ છે - **ભજી લે પ્રભુને ભાવે.** પ્રભુએ જે જે આરાધનાઓ કરવાની કહી છે, તેમાં સર્વસામર્થ્યથી મચી પડશું, તો જ આપણો મોક્ષ થશે.

ગોરેગાંવમાં રહેતા એક શ્રાવક-શ્રાવિકા - ટોકરશીભાઈ અને બચુબહેન. નાની ઉંમરે બ્રહ્મચર્ય વ્રત સજોડે લીધું. સિદ્ધાચલની નવ્વાણું યાત્રા એક વાર બેસણાથી કરી, પછી એકાસણાથી કરી. પછી છટ્ઠને પારણે છટ્ઠ કરીને ૨૭ દિવસમાં ૯૯ યાત્રા પૂર્ણ કરી. બીજી વાર છટ્ઠને પારણે છટ્ટ કરીને ૨૫ દિવસમાં ૯૯ યાત્રા પૂર્ણ કરી. પછી ૧૦૮ અટ્ઠમ સળંગ કર્યા અને દરેક અટ્ઠમમાં ૧૫ યાત્રા કરી. ચાર વર્ષીતપ ઉપવાસથી કર્યા, એક વર્ષીતપ છટ્ઠથી કર્યો. કુલ સોળ વર્ષીતપ કર્યા. એક જ વર્ષમાં શિખરજી-ગિરનાર-શત્રુંજયની ૯૯ યાત્રા કરી.. **ભજી લે પ્રભુને ભાવે.**

કિંજલબહેને ૭૦ ઉપવાસ સળંગ કરીને સિદ્ધાચલની ૧૦૮ યાત્રા કરી. આગળ ચાલીને ૧૮૦ ઉપવાસ પણ કર્યા. **ભજી લે પ્રભુને ભાવે.**

તાજેતરમાં સમદડી ભવનમાં એક નવ્વાણુ આરાધકે માસક્ષમણ કરીને

૧૦૮ યાત્રા કરી... **ભજી લે પ્રભુને ભાવે.** પહેલો ઉપવાસ - ૩ યાત્રા, બીજો ઉપવાસ ૪ યાત્રા, ત્રીજો - ૪ યાત્રા, ચોથો ૪ યાત્રા, પાંચમો ૩ યાત્રા, છટ્ઠો ૪ યાત્રા... **ભજી લે..**

પૂ. અરિહંતસિદ્ધસૂરિ મહારાજાએ ચોવિયાર છટ્ઠ કરીને સાત યાત્રા ૪૦૦ કરતાં પણ વધુ વાર કરી છે.... **ભજી લે પ્રભુને ભાવે.**

ટીમાણા ગામના શ્રાવિકા. દાદાની પહેલી પૂજા કરવાની ભાવના. શ્રાવક સાથે કારતક પૂર્ણિમાના દિવસે યાત્રા કરી. ૫૦૦ મણ સુધી બોલવાની સગવડ હતી. ચડાવો આગળ વધ્યો. લાભ ન મળ્યો. બીજા દિવસે આવ્યા. ત્રીજા...ચોથા...રોજ ચડાવો આગળ વધી જાય. એમ કરતાં કરતાં બે મહિના ઉપર થઈ ગયું. પોષ વદ ૪ ના દિવસે સાંજે શ્રાવિકાએ કહ્યું, 'કાલે તો લાભ લેવો જ છે.' શ્રાવકે ૧૫૦૦ મણ સુધીની સગવડ કરી. ખૂબ ઉલ્લાસથી સિદ્ધગિરિ ચડ્યા. ચડાવો શરૂ થયો. ૧૦૧ મણ... ૨૦૦..૩૦૦.. ૫૦૦.. ૧૦૦૦... ૧૧૦૦...૧૨૦૦... ૧૪૦૦... શ્રાવક ૧૫૦૦ મણ બોલ્યા ને તરત સામેથી કોઈ ૧૬૦૦ મણ બોલ્યું. શ્રાવકે માથું ઢાળી દીધું. આદેશ અપાઈ ગયો. શ્રાવિકાની આંખોમાંથી અશ્રુની ધારા ચાલી. શ્રાવકને કહ્યું - 'એમને વિનંતિ કરો, પહેલી પૂજા મને કરવા દે.' - શ્રાવકે વાત કરી, લાભ લેનાર બ્રહ્મચર્યના પ્રેમી હતા. તેમણે કહ્યું, ''જો તમે બ્રહ્મચર્યનો સ્વીકાર કરો તો.'' અપાર આનંદ સાથે બંનેએ સજોડે દાદાની સમક્ષ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. લાભાર્થીએ બંનેને પગે લાગીને શ્રાવિકાના હાથમાં સોનાની વાડકી આપી. રોમાંચિત તન સાથે, આનંદના અશ્રુની ધારા સાથે.. અવર્ણનીય સંવેદના સાથે શ્રાવિકાએ દાદાની પહેલી પૂજા કરી. દાદાના દરબારમાં લાખો-કરોડો રૂપિયા ધરી દેનારા છે.. દાદાના પગથિયે પગથિયે પૂજા ને આંગી કરનારા છે. દાદાની ૯૯ કરાવવા માટે જીવનભરની મૂડીને હોંશે હોંશે વાપરી દેનારા પણ છે. પણ દાદાની પહેલી પૂજા ખાતર જીવનભરના કામભોગનું-વાસનાનું બલિદાન દેનારા... ! **ભજી લે પ્રભુને ભાવે.** પૂજા કરીને બંને ઘરે પહોંચ્યા તેમની ગાય ખુશ થઈને ભાંભરતી

સામે આવવા ગઈ. ખીલો નીકળી ગયો ને નીચેથી ચરુ નીકળ્યો. અઢળક સોનામહોરો ભરેલો.

આવી જ બીજી ઘટના તાજેતરમાં બની. દાદાના શિખર ઉપર સુવર્ણકળશ ચડાવવા માટે પેઢીએ શરત મુકી. આજીવન બ્રહ્મચર્ય. બોરીવલીના યુવાન પિયૂષભાઈએ સજોડે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને સુવર્ણકળશની પ્રતિષ્ઠાનો લાભ લીધો. બીજા ૧૫ મુખ્ય દેરાસરોનો શિખરો ઉપર પણ આ જ શરતે સુવર્ણકળશની પ્રતિષ્ઠાનો લાભ અપાયો. ૧૫-૧૫ યુવા-દંપતિઓ એ હોંશે હોંશે પ્રભુના ચરણે જીવનભરના કામભોગોને ધરી દીધા અને પ્રતિષ્ઠાનો લાભ મેળવ્યો. કોઈએ તેમને પૂછ્યું, ''તમે આટલું દુષ્કર શી રીતે કરી શક્યા ?'' અને તેમણે સહજભાવે જવાબ આપ્યો, ''આમાં દુષ્કર શું છે ? પશુના ભવમાં પણ જે સુલભ છે, તે છોડવાનું હતું, અને ઈન્દ્રના ભવમાં પણ જે દુર્લભ છે, તે મળવાનું હતું.'' **ભજી લે પ્રભુને ભાવે...**

પૂ. હિમાંશુસૂરિ મહારાજાએ સિદ્ધગિરિની છાયામાં માસક્ષમણ કર્યું. ૩૧મા દિવસે પારણા પહેલા જાતે ચડીને દાદાના દરબારમાં પહોંચ્યા. મન મુકીને દાદાની ભક્તિ કરી. ઘેટી પાગ ઉતર્યા. ત્યાંથી વિહાર કરીને ઘેટી ગામ ગયા. સાંજે સાડા ત્રણ-ચાર વાગે જે નિર્દોષ રોટલી અને બાફેલા મગ મળ્યા, તેનાથી પારણું કર્યું. **ભજી લે...**

**વેદો** કહે છે - **न ऋते श्रान्तस्य सख्याय देवाः**

તમે પરાકાષ્ઠાનો પુરુષાર્થ કરો,<br>
પરસેવાથી નાહી જાવ<br>
ને થાકીને લોથ-પોથ થઈ જાવ,<br>
પછી દેવો તમારી સહાય કરવા આવશે.<br>
યાદ રહે<br>
દેવો એમના ભાગનું જ કાર્ય કરે છે,<br>
તમારા ભાગનું નહીં.

**યોગસારમાં** કહ્યું છે

**सत्त्वं विना हि सिद्धिर्न**
**प्रोक्ता कुत्रापि शासने ।**

સત્ત્વ ફોરવ્યા વિના ય સિદ્ધિ મળી શકે
એવું જિનશાસનમાં ક્યાંય
કહ્યું નથી.

આ જીવન પરાકાષ્ઠાનો પુરુષાર્થ કરવા માટે છે. એક વિદેશી ચિંતકે કહ્યું છે - Ships are safer in the harbour, but they are not meant for that purpose. બંદર ઉપર વહાણો વધુ સુરક્ષિત હોય છે. પણ તેમનું સર્જન બંદર પર પડ્યા-પાથર્યા રહેવા માટે નથી થયું હોતું. પરમ પાવન **શ્રીઆચારાંગસૂત્ર** કહે છે -

**कसेहि अप्पाणं**

તપ-સંયમની સાધના દ્વારા
તારા આ દેહનો
પૂરે પૂરો કસ કાઢી લે
આ શરીર તને એના માટે જ મળ્યું છે.

**जरेहि अप्पाणं**

તારી પુરુષાર્થવૃષ્ટિ એવી જોઈએ
કે તારું શરીર
તદ્દન જીર્ણ-શીર્ણ થઈ જાય.

**विगिंच मंससोणियं**

શરીરના લોહી અને માંસને વિદાય આપી દે
તો મોક્ષ તારું સ્વાગત કરી રહ્યો છે.

અજૈન રામાયણની એક ઘટના છે. લંકા પહોંચવા માટે શ્રીરામના સૂચનથી તેમના નામ દ્વારા અંકિત શિલાઓને તરતી મુકીને સેતુ બનાવવાનો પ્રારંભ થયો. કરોડો શિલાઓ લાગી ગઈ. વાનરસેનાએ ભગીરથ પુરુષાર્થથી લંકા સુધીનો પુલ બાંધી દીધો. ફરીથી નલ અને નીલ શ્રીરામ પાસે ઉપસ્થિત થયા. ''પ્રભુ ! પુલની પહોળાઈ માત્ર દશ ફૂટની છે. આપણી કરોડોની સેના તેના પરથી એક સાથે પસાર ન થઈ શકે. થોડું થોડું સૈન્ય પહોંચે અને દુશ્મનો એમનો પરાજય કરી દે. શું કરવું ?'' સ્મિત કરીને શ્રીરામે કહ્યું, ''ચિંતા કરવાની જરૂર નથી. હું આવું છું.'' પ્રભુ સેતુ પર પધાર્યા ને જળચરોમાં હલચલ મચી ગઈ. શ્રીરામના દર્શન કરવાનો દુર્લભ અવસર તેમને મળ્યો હતો, જોતજોતામાં આખા દરિયામાં સમાચાર પહોંચી ગયા. મોટા મોટા માછલાઓ, વિરાટકાય કાચબાઓ, મગરમચ્છો... દરિયાની ઉપરની સપાટી આખી ય ઢંકાઈ ગઈ. ક્યાંય પાણી ન દેખાય. સ્મિત કરીને પ્રભુ બોલ્યા, ''જાઓ, હવે આ આખો દરિયો જ સેતુ છે. જ્યાં સુધી હું અહીં ઊભો છું, ત્યાં સુધી એક પણ જળચર અહીંથી ખસશે નહીં.'' અદ્‌ભુત. આખી વાનરસેનાએ પ્રસ્થાન કર્યું. લંકાના દરિયાકાંઠે પડાવ નંખાયો.

ફરી નલ અને નીલ શ્રીરામ પાસે ઉપસ્થિત થયા. એમની આંખોમાં સમસ્યા પણ હતી, અને સંક્ષોભ પણ. શ્રીરામે સંમતિસૂચક સ્મિત કર્યું અને તેઓ બોલ્યા, ''પ્રભુ ! જો આપને ખબર જ હતી કે આપના આવવાથી આટલા બધા જળચરો આવશે ને આખો દરિયો જ પુલ બની જશે, તો પછી....''

વાત માત્ર નલ અને નીલની નથી, આપણી પણ છે. ખોટી મહેનત શું કામ કરવી, આવી દલીલ આપણે કરીએ છીએ. સંયમનું સ્વરૂપ જાણીને આપણે દૂરથી જ હાથ જોડીએ છીએ. ઓળી કે અટ્ઠાઈમાં આપણે દિવસો ગણીએ છીએ. શરીર થોડું ય ઘસાય તો આપણું મન કચવાય છે. ખોટી મહેનત એ છે કે જે સંસારના ક્ષેત્રે થાય છે, જિનાજ્ઞાની આરાધના માટે જે મહેનત થાય, તે સાચી મહેનત છે. પરમ પાવન **શ્રી દશવૈકાલિક** સૂત્ર

કહે છે - **देहदुक्खं महाफलं**

પુરુષાર્થવૃષ્ટિ માટે તું શરીરને
જેટલું કષ્ટ આપીશ,
એટલું જ એનું ફળ મહાન હશે.

ફરી એ જ સ્મિત સાથે શ્રીરામના હોઠ ફરક્યા, ''જળચરો ક્યારે ઉપર આવ્યા ?'' નલ અને નીલ બોલ્યા, ''આપ પુલ પર પધાર્યા ત્યારે.'' ''જો પુલ જ ન હોત, તો હું ક્યાં ઉભો રહેત ?'' નલ અને નીલ શ્રીરામના ચરણોમાં ઝુકી પડ્યા. જ્યાં પુરુષાર્થનો પુલ હોય છે, ત્યાં પ્રભુકૃપાનો વરસાદ થાય છે.. **ભજી લે પ્રભુને ભાવે...**

**(૩) પરિણામવૃષ્ટિ** : પ્રસાદ અને પુરુષાર્થનો સંગમ પરિણામ લાવ્યા વિના રહેતો નથી. **દુર્ગતિ કદી ના આવે.** ઘર-સંસારમાં કદાચ બે મિનિટ પણ ન ચાલનારા તમે અહીં જે ૧૦-૧૨-૧૪ કિ.મી. ચાલવાનો પુરુષાર્થ કરો છો ને એની સાથે સાથે પ્રભુની જે કૃપા મેળવો છો, એના પરિણામો અજબ-ગજબના છે. **શત્રુંજય માહાત્મ્ય** ગ્રંથમાં કહ્યું છે-

**पदे पदे विलीयन्ते,**
**भवकोटिभवान्यपि ।**
**पापानि पुण्डरीकाद्रे-**
**र्यात्रायां गच्छतां नृणाम् ॥**

જે મનુષ્યો
સિદ્ધાચલની યાત્રા માટે પ્રસ્થાન
કરે છે,
તેમના પ્રત્યેક પગલે
એક કરોડ ભવોના પાપોનો
વિલય થઈ જાય છે.

चतुर्विधेन सङ्घेन,
सहिताश्चात्र यात्रया ।
अर्जयन्ति तीर्थकृत्त्व-
पदं लोकोत्तरं नराः ॥

જે મનુષ્યો
ચતુર્વિધ શ્રીસંઘ સાથે આ તીર્થની
યાત્રા કરે છે,
તેઓ તીર્થંકરપણાનું લોકોત્તર પદ
પ્રાપ્ત કરે છે.

अत्र ये यात्रिकान् भक्त्या,
वस्त्रान्नैः पूजयन्त्यपि ।
विपुलर्द्धिसुखं भुक्त्वा,
मुक्तिं यान्त्येव ते नराः ॥

સિદ્ધાચલના યાત્રિકોને
જેઓ ભક્તિપૂર્વક વસ્ત્ર-અન્ન
આપવા દ્વારા તેમનો સત્કાર કરે છે,
તેઓ અઢળક સમૃદ્ધિને ભોગવીને
અવશ્ય મોક્ષ પામે છે.

**દુર્ગતિ કદી ના આવે.** આ જ ગિરિરાજ ઉપરથી યુગાદિદેવના અસંખ્ય વંશજો મોક્ષે ગયા છે. પુંડરીકસ્વામી પાંચ કરોડ સાથે મોક્ષે ગયા. નમિ-વિનમિ બે કરોડ-સાથે મોક્ષે ગયા, દ્રાવિડ-વારિખિલ્લ ૧૦ કરોડ સાથે, ચન્દ્રવેગ જિન ૨ કરોડ સાથે, શાંબ-પ્રદ્યુમ્ન સાડા ત્રણ કરોડ સાથે, નારદ મુનિ ૯૧ લાખ સાથે, ભરત મુનિ ૧ હજાર સાથે, વસુદેવ પત્નીઓ ૩૫ હજાર, શાંતિ જિન ચોમાસામાં ૧ કરોડ, ૫૨ લાખ, ૫૫ હજાર, ૭૭૭ મુનિઓ મોક્ષે ગયા. સાગર મુનિ ૧ કરોડ સાથે, ભરત મુનિ ૫ કરોડ સાથે, અજિતસેન

મુનિ ૧૭ કરોડ સાથે, સાર મુનિ ૧ કરોડ સાથે, પ્રદ્યુમ્નપત્ની વૈદર્ભી ૪૪૦૦ સાથે, આદિત્યયશા ૧ લાખ સાથે, બાહુબલિપુત્રો ૧૦૦૮, દમિતારિ મુનિ ૧૪ હજાર સાથે, થાવચ્ચાપુત્ર ૧ હજાર સાથે, શુક પરિવ્રાજક ૧ હજાર સાથે, શેલક મુનિ ૫૦૦ સાથે, કાલિક મુનિ ૧ હજાર સાથે, સુભદ્ર મુનિ ૭૦૦ સાથે, સૂર રાજા ૩૦૦૦ સાથે, શુક રાજા ૧ કરોડ સાથે, દંડવીર્ય રાજાના સંઘના ૭ કરોડ યાત્રિકો, ધર્મઘોષાચાર્ય ૨ કરોડ સાથે મોક્ષે ગયા. બાહુબલિ રાજપુત્ર ૧ કરોડ સાથે, મરુદેવસૂરિ ૫૦૦ સાથે મોક્ષમાં ગયા. **દુર્ગતિ કદી ના આવે.**

સાગરચક્રીનો પુત્ર ભગીરથ અહીં આવ્યો, ત્યારે કોટાકોટિ મુનિઓ અહીંથી મોક્ષે ગયા હતાં. આ પરમ પાવન દશ્ય જોઈને ગદ્ગદ્ બની ગયેલા ભગીરથે અહીં કોટાકોટી નામનું જિનાલય બંધાવ્યું. સ્વયં દીક્ષા લીધી અને વિશુદ્ધ ચારિત્ર પાળીને અહીંથી મોક્ષે ગયા. **દુર્ગતિ કદી ના આવે.**

સોમદેવ રાજા અહીંથી ૧ લાખ સાથે મોક્ષે ગયા. વીર રાજા ૩ લાખ સાથે, કદંબસૂરિ ૧ લાખ સાથે, ધર્મ કેવલી ૧ હજાર સાથે, કાલ આચાર્ય ૧ હજાર સાથે, રણવીર રાજા ૩ લાખ સાથે, ધનમંત્રી ૫૦૦ ભટો સાથે, શ્રેયાંસકુમાર મુનિ ૩૦૦ સાથે, વજશ્રી વિદ્યાધર ૩ લાખ સાથે, વીર્યસાર રાજા ૧ કરોડ સાથે, નિષ્પુણ્યક યતિ ૧ લાખ સાથે અહીંથી મોક્ષે ગયા. **દુર્ગતિ કદી....**

દેવલોકમાંથી એક દેવ અહીં સિદ્ધગિરિની આરાધના કરવા માટે આવ્યો. એનું નામ હતું સ્વયંપ્રભ દેવ. એ દેવ અહીં આઠ દિવસ સુધી રહ્યો અને એણે એવા દિવ્ય દશ્યો જોયા કે જે દેવલોકમાં ય જોવા ન મળે. એણે પહેલા દિવસે ૧ લાખ સાધુઓને મોક્ષ પામતા જોયા. બીજા દિવસે ૧ કરોડ સાધુઓને મોક્ષ પામતા જોયા, ત્રીજા દિવસે ૫ હજાર સાધુઓને મોક્ષ પામતા જોયા. ચોથા દિવસે ૧૦૫ સાધુઓને.. છટ્ઠા દિવસે ૧૦ સાધુઓને.. સાતમે દિવસે ૮૦૦ સાધુઓને અને આઠમે દિવસે ૬૨૮ સાધુઓને. **દુર્ગતિ કદી ના આવે.**

એક રાજા હતો, એનું નામ હતું ધરાપાલ. સિદ્ધગિરિનો એક અદ્ભુત સંઘ એણે કાઢ્યો. જે સંઘમાં ૪ કરોડ યાત્રિકો જોડાયા હતાં. વર્ધમાન ઉલ્લાસ ને અપૂર્વ રોમાંચ સાથે સંઘ સિદ્ધાચલ પહોંચ્યો. ઉછળતા અહોભાવ સાથે યાત્રિકો ગિરિરાજ ઉપર ચડવા લાગ્યા. દેવોને ય દુર્લભ એવું એ દૃશ્ય છે. કરોડો આંખોમાં અહોભાવ ને આનંદના અશ્રુઓ છલકી રહ્યા છે. સૌના હૈયા ગદ્ગદ છે સમયે સમયે અનંત કર્મોની નિર્જરા ચાલુ છે. ને એ સમયે યાત્રા કરતાં કરતાં જ એ સંઘના એક લાખ યાત્રિકોએ ગુણસ્થાનકો પર ઉર્ધ્વારોહણ કર્યું... પાંચમું... છટ્ઠું... સાતમું... આઠમું... ને ક્ષપકશ્રેણિના ક્રમે આગળ વધતા વધતા અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. આખું ય આકાશ દેવોથી ઉભરાઈ ગયું. દિવ્ય સંગીતે અદ્ભુત માહોલ ખડો કરી દીધો. સુગંધી જળનો છંટકાવ થયો, દેવદુંદુભિના નાદ સાથે મહેંક મહેંક થતા પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. સૌ ચકિત બન્યા... આ બધું શું છે ? ત્યાં તો એક લાખ સુવર્ણકમળ પર બિરાજમાન એક લાખ કેવળી ભગવંતોના દર્શન થયા. અસંખ્ય દેવ દેવીઓ એમને પ્રદક્ષિણા દેતા દેતા રાસડા લઈ રહ્યા છે. કરોડો મસ્તકો ઝુકી ગયા. ભવ્ય જીવો પર ઉપકાર કરીને તે ૧ લાખ કેવળી ભગવંતો અંતે આ જ ગિરિરાજ પરથી નિર્વાણ પામ્યા. ધરાપાલ રાજાએ પોતે ય દીક્ષા લીધી. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અંતે આ જ ગિરિરાજ પરથી પરમપદ પ્રાપ્ત કર્યું. **દુર્ગતિ કદી ના આવે.**

દાદા આદિનાથ જ્યારે વિચરતા વિચરતા ગિરિરાજ પર સમવસર્યા, ત્યારે પ્રભુની પરમ પાવન નિશ્રામાં પ્રભુના એક લાખ સાધુઓ મોક્ષે ગયા. પ્રભુ બીજી વાર અહીં પધાર્યા ત્યારે પ્રભુના ૫૦ હજાર સાધુઓ અહીંથી મોક્ષે ગયાં. શ્રી અજિતનાથ ભગવાન અહીં દેશના આપી રહ્યા હતા, ત્યારે ત્રણ લાખ સાધુઓ મોક્ષે ગયા. પ્રભુ સુમતિનાથ ભગવાન અહીં સમોસર્યા હતાં, ત્યારે એક લાખ સાધુઓ મોક્ષે ગયા. પ્રભુ વિમલનાથ અહીં બિરાજમાન હતાં, ત્યારે એક લાખ સાધુઓ મોક્ષે ગયા. પ્રભુ પાર્શ્વનાથ અહીં હાજર હતા, ત્યારે હસ્તિસેન રાજા આદિ ઘણા સાધુઓ અહીંથી મોક્ષે ગયા. પ્રભુ મલ્લિનાથના ૮ હજાર સાધુઓ અહીંથી મોક્ષે ગયા. પ્રભુ મુનિસુવ્રતસ્વામીના

૩ લાખ સાધુઓ અહીંથી મોક્ષે ગયા. **દુર્ગતિ કદી ના આવે.**

પ્રભુ વીર સાક્ષાત્ સદેહે ગિરિરાજ પર સમોસર્યા. સમવસરણ હકડેઠક ભરેલું હતું. દેશનાનો પ્રવાહ ખળ ખળ વહી રહ્યો હતો. એ સમયે પ્રભુએ પોતાના કેવળજ્ઞાનમાં જોઈને પર્ષદાને કહ્યું કે તાજેતરમાં જ 'લેપ' નામના એક શ્રેષ્ઠીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. ગૃહિલિંગની આ જ્ઞાનકથા સાંભળતા સાંભળતા આખી ય પર્ષદા ભાવિત બની. સાધુઓની આંખોમાંથી સંવેગનું નીર વહેવા લાગ્યું. એક શ્રાવક તરી જાય અને અમે...? આ પ્રશ્ન એમને રોમે રોમે ભોંકાવા લાગ્યો, ત્યાં ને ત્યાં ઉજ્જવળ ધ્યાનની ધારામાં આગળ વધીને પ્રભુ વીરના ઘણા સાધુઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. **દુર્ગતિ કદી ના આવે.**

ગિરિરાજની યાત્રા કરતાં કરતાં આપણે એક પ્રશ્નની પ્રાપ્તિ કરવી છે, મારા પર પરિણામવૃષ્ટિ ક્યારે ? અનંતાનંત આત્માઓ જ્યાંથી મોક્ષે ગયા, ત્યાંથી હું શું ઘરે પાછો ફરીશ ? દાદાની આ પરમ પાવન યાત્રા કરીને મેં જે પરિણામ મેળવ્યું છે, એ શું એળે જશે ? પ્રભુના શબ્દો કેવા છે !...

**ઋષભ કહે સુણો ભરતજી રાય**
**છરી પાલંતા જે નર જાય**
**પાતિક ભુકો થાય...**

**એકેકું ડગલું ભરે, શેત્રુંજા સમો જેહ ।**
**ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ ।।**

પ્રભુની પ્રસાદવૃષ્ટિ અને આપણી પુરુષાર્થવૃષ્ટિને લીલી ઝંડી આપી દઈએ. પરિણામવૃષ્ટિનો માર્ગ મોકળો થઈ જશે.

## ❀ તૃતીય દિવસ ❀

**ભમીને લાખ ચોરાશી હું આવ્યો**
**પુણ્યે દર્શન તમારા પાયો**
**ધન્ય દિવસ મારો**
**ભવના ફેરા ટાળો**
**જિનજી પ્યારા**
**આદિનાથને વંદન અમારા**

**ભમીને લાખ ચોરાશી હું આવ્યો.** કેટલું નાનું વાક્ય ! ને છતાં આપણી અનંત અનંત અનંત પુદ્ગલપરાવર્તની એક વિરાટ દુઃખયાત્રા એમાં સમાઈ ગઈ છે. પ્રતિક્રમણમાં એક સૂત્ર આવે છે - સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય સાત લાખ તેઉકાય... એ ચોરાશી લાખ જીવાયોનિમાંહિ... યોનિનો અર્થ છે ઉત્પત્તિસ્થાન. વાસ્તવમાં યોનિ ૮૪ લાખ જ નથી, પણ અસંખ્ય છે. તેમાં જે જે યોનિના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સમાન છે, તેમને એક ગણી લઈએ, તો ૮૪ લાખ યોનિ થાય છે. એટલે હકીકતમાં આપણું ભવભ્રમણ માત્ર ૮૪ લાખ યોનિમાં નથી થયું, પણ અસંખ્ય યોનિઓમાં થયું છે. સામાન્યથી આ અસંખ્ય યોનિઓનો સમાવેશ ચાર ગતિમાં થઈ જાય છે. જરા આપણે નજર કરીએ - આપણે કેટલું ભમ્યા ? કેવું ભમ્યા ? કેવી રીતે ભમ્યા ?

**(૧) તિર્યંચગતિ :** અનાદિકાળથી આપણે નિગોદમાં હતાં, જેના દુઃખનું વર્ણન કરતાં **વૈરાગ્યશતક** કહે છે -

**जं णरए णेरइया**
**दुहाइं पावंति घोरऽणंताइं ।**
**तत्तो अणंतगुणियं**
**णिगोयमज्झे दुहं होइ ॥**

નરકમાં

નારક જીવો જે ભયાનક અનંત દુઃખો પામે

છે

તેના કરતા અનંતગણું દુઃખ

નિગોદમાં હોય છે

અનંત પુદ્ગલ પરાવર્તો સુધી આપણે આ દુઃખોને સહન કરતાં રહ્યા. નિગોદમાંથી બહાર આવ્યા. તો એકેન્દ્રિયાદિના દુઃખો આપણી રાહ જ જોઈ રહ્યા હતાં. પરમપાવન શ્રી આચારાંગસૂત્રમાં પૃથ્વીકાયાદિ જીવોની વેદનાનું જે હૃદયદ્રાવક વર્ણન છે... જે એમના પર થતા અત્યાચારોનું નિરૂપણ છે. એમની સંક્યા, એમની કાયસ્થિતિ, એમના જન્મ-મરણ આ બધાની જે વાતો છે, એમના પર વિચાર કરતાં ય ચક્કર આવી જાય એવું છે.

ક્રમશઃ આપણે પંચેન્દ્રિય બન્યા. આપણું ચૈતન્ય વ્યક્ત બન્યું. ને એના કારણે આપણા દુઃખોનો ગુણાકાર થઈ ગયો. પૂ. મુનિસુંદરસૂરિ મહારાજા અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથમાં કહે છે -

**क्षुत्तृड्हिमात्युष्णभयार्दितानां**

**पराभियोगव्यसनातुराणाम् ।**

**अहो तिरश्चामतिदुःखितानां,**

**सुखानुषङ्गः किल वार्त्तमेतत् ॥**

ભૂખ-તરસ-ઠંડી બળબળતી ગરમી-ભય

પરવશતા-આપત્તિઓના ઓળાઓ

આ બધાંની જેઓ ખૂબ ખૂબ

દુઃખી દુઃખી છે

એવા તિર્યંચોને વળી સુખ ?

રામ રામ કરો ભાઈ....

એક વાર આપણે હરણ બન્યા. ઉનાળાના દિવસોમાં આપણએ આમ-તેમ રઝળતા હતાં. આકાશ અંગારા વરસાવતું હતું અને ધરતી આગ ઓકતી હતી. તરસથી એક બાજુ આપણું ગળું સુકાતું હતું ને બીજી બાજુ સૂરજ ચડતો જતો હતો. તાપમાન વધી રહ્યું હતું. આપણે બહાવરા બનીને પાણીની શોધ કરતાં હતા. બસ, હમણાં ચક્કર ખાઈને આપણે પડી જઈએ એવી આપણી સ્થિતિ હતી, ને છતાં ય પાણીની આશાએ-જીવનની આશાએ આપણે લગભગ લથડાતે પગે-ઢસડાતે શરીરે પાણી શોધી રહ્યા હતા. આંખમાંથી અશ્રુની ધારા વહેતી હતી. કોઈ આવીને પાણી પીવડાવી દે એવી મિથ્યા આશા આપણને લલચાવતી હતી, પણ કોણ ત્યાં આવે જીવતદાન દેવા ? હા, ત્યાં જીવ લેનારા ઘણા હતા, જેમનાથી આપણે પળે પળે ફફડતા હતા. આપણું માથું એટલી હદે દુઃખતું હતું કે જાણે હમણા આંખો બહાર નીકળી પડશે ને માથું ફાટી પડશે. પાણી... પાણી... પાણી... પાણી... પણ પાણી હોય તો મળે ને ? છેલ્લું પાણી પીધાને છ દિવસ થઈ ગયા હતા ને છેલ્લું ભોજન લીધાને બાર દિવસ થઈ ગયા હતાં. પાણી ન જ મળ્યું તે ન જ મળ્યું... બપોરના અઢી વાગે આપણે ઢળી પડ્યાં. ને થોડી જ પળોમાં રામ રમી ગયા.

**વૈરાગ્યશતક** કહે છે -

**गिम्हायवसंतत्तेऽरण्णे छुहिओ**
**पिवासिओ बहुसो ।**
**संपत्तो तिरियभवे मरणदुहं**
**बहुं विसूरंतो ॥**

બળતા બપોરે જાણે આખું ય જંગલ બળતું હતું, એમાં હું ભૂખ્યો ને તરસ્યો હતો હું રડતો ને કકળતો હતો આ સ્થિતિમાં મને ન ખાવાનું મળ્યું કે ન પીવાનું મળી માત્ર મોતની ભયાનક વેદના આવું મૃત્યુ એ મારી એકાદ-બે જ ઘટના ન હતી પણ અનેકાનેક દુર્ઘટના હતી.

આપણે વરૂ થયા. આસો-કારતક ને માગસર મહિનો બરાબર જામ્યો'તો. ઠંડીએ માઝા મુકી હતી. આપણી પાસે કોટ, સ્વેટર કે મફલર ન હતાં. શાલ, ગોદડી કે ધાબળો ન હતા. ને આપણી પરાકાષ્ઠાની કરુણતા એ હતી કે આપણી પાસે કપડાં પણ ન હતાં. રાતના સાડા બાર વાગ્યા હતાં. આપણું આખું શરીર ધ્રુજતું હતું. જેમ જેમ રાત આગળ વધી તેમ તેમ ઠંડી હદ વટાવવા લાગી. આપણે ભયંકર રીતે ધ્રુજવા લાગ્યા. આપણને તાવ ચડી ગયો. અડધો.. એક.. દોઢ... બે... અઢી... ત્રણ.. આપણે બેભાન થઈને પડ્યા. હવે આજની રાત પહેલા પૂરી થશે કે આપણું જીવન પહેલા પૂરું થશે એ કહેવું મુશ્કેલ હતું. આપણે 'સિરિયસ' હતા. કોઈ બંધ ઓરડામાં હીટરની ગરમીમાં દશ-પંદર ધાબળા ઓઢાડીને ઈંજેક્શનો આપે, તો કદાચ આપણે બચીએ, એવી આપણી સ્થિતિ હતી. પણ આમાંથી આપણને કશું જ મળી શકે તેમ ન હતું. સુસવાટાભર્યો પવન દુકાળમાં અધિક માસ કરી રહ્યો હતો ને આપણે મોતની વધુ ને વધુ નજીક સરકી રહ્યા હતાં... એવામાં ત્યાં ત્રણ શિયાળ આવી ચડ્યા. આપણી નજીક આવીને એમણે આપણને સૂંઘ્યા. આપણી પરિસ્થિતિનો એમને અંદાજ આવી ગયો ને એમણે લાભ પણ ઉઠાવી લીધો. આપણે બેભાન-અવસ્થામાંથી ભાનમાં આવીએ એની પહેલાં જ એ ત્રણ શિયાળોનું ભોજન બની ગયાં. **ભમીને લાખ ચોરાશી હું આવ્યો.**

એક વાર આપણે સસલા થયા, આપણે આમ-તેમ કૂદતા ફરતા હતાં. આપણી સ્ફૂર્તિ પર આપણને ગર્વ હતો. ત્યાં તો ચોમાસું આવ્યું. ધોધમાર ને મુસળધાર વરસાદ પડ્યો. નદીમાં પૂર આવ્યું. પર્વતીય ઝરણાઓ ય તોફાની બન્યા ને એક ઝરણાએ આપણને ઝપટમાં લઈ લીધાં, એક ચીસ સાથે આપણે તણાવા લાગ્યા. પર્વતીય ધારદાર પથ્થરો સાથે અથડાતા-કુટાતા-ટીચાતા-છુંદાતા-લોહી લુહાણ થતાં થતાં ડુબકીઓ ખાતા ખાતા આપણે તણાઈ રહ્યા હતાં. ત્યાં તો વોટર ફોલ આવ્યો, ઉંધે માથે આપણે જળધોધની સાથે નીચે પછડાયા. હાડકાં-પાંસળા-ખોપરી કશું ય સમું ન રહ્યું ને થોડી જ ક્ષણોમાં આપણે પ્રાણ છોડી દીધાં. ઝરણાના વહેણ સાથે આપણું મડદું નદીને મળવા માટે આગળ વધી ગયું... **ભમીને લાખ ચોરાશી હું આવ્યો.**

આપણે કીડી થયા.. ચાઈનીઝ જેવા લોકો આપણી ચટણી બનાવીને ખાઈ ગયા. આપણે ઉંદર થયા, આપણા અથાણા બની ગયા. આપણે ચિકન થયા, આપણા સૂપ બન્યા. આપણે સાપ થયા. આપણા સ્નેક જ્યુસ બની ગયા. આપણે વાંદરા થયા, પ્રયોગશાળામાં ટસના મસ ન થઈ શકીએ એમ આપણને ખુરશીમાં જડી દેવાયા. વૈજ્ઞાનિકોએ આપણી જીવતે જીવતા છાતી ચીરી હૃદય બહાર કાઢ્યું. આપણા મોઢે ડુચો દઈ દેવાયો હતો, જેથી આપણી દર્દનાક ચીસો એમને ડિસ્ટર્બ ન કરી શકે. લોહીની ધારા છૂટી, આંસુઓ એ ધારામાં ભળવા લાગ્યા. કૂતરાના મોતને ખૂબ સારું કહેવડાવે એવા મોતે આપણે મરી ગયા.. **ભમીને લાખ ચોરાશી હું આવ્યો.**

આપણે બીવર (રીંછવિશેષ) થયા. ફર-કોટ માટે આપણી જીવતે જીવતા ખાલ ખેંચી લેવાઈ. આપણે હડકાયા કૂતરા થયાં. આપણને રિવોલ્વરથી શૂટ કરી દેવાયા. આપણે હાથી થયા. આપણા દાંત લેવા માટે આપણા ચારે પગ કાપી નંખાયા, આપણે ભયંકર ચીસાચીસ કરતાં હતાં ને આપણી સૂંઢ કાપી નંખાઈ. ભયાનક ક્રૂરતા સાથે આપણા બંને દાંત ઉખેડી નંખાયા ને છેલ્લે છેલ્લે જતાં પહેલા તેમણે રમત-ગમતમાં આપણું માથું પણ કાપી નાંખ્યું... **ભમીને લાખ ચોરાશી હું આવ્યો.**

ઓસ્ટ્રેલિયાનો દરિયાકિનારો જુઓ, માછલીઓના મડદાં અને લાલ લાલ પાણી જુઓ, તો અંદાજ આવે કે અનાદિની યાત્રામાં આપણે શું સહન કર્યું છે ! દેવનાર કે અલ-કબીરના જાયન્ટ કતલખાના જુઓ તો ખબર પડે કે આપણો ભૂતકાળ કેવો ભયાનક હતો ! મહારાષ્ટ્રના પોલ્ટ્રીફાર્મોની કરુણ કથની સાંભળો તો ખ્યાલ આવે કે આપણા પર શું શું વીત્યું છે ! અમેરિકાના ભૂંડઉછેર કેન્દ્રોનો અંતિમ તબક્કો જુઓ, તો ખબર પડે કે **ભમીને લાખ ચોરાશી** - શું કહેવા માંગે છે !

મલધારી શ્રીહેમચન્દ્રસૂરિ મહારાજાની એક અણમોલ પ્રસાદી છે '**ભવભાવના**' ગ્રંથ. ભવભ્રમણની કરુણ કથાનો એમાં જે ચિતાર આપ્યો છે.. તિર્યંચગતિની વ્યથાઓનું તેમાં જે ચિત્રણ કરાયું છે, એ ખરેખર રડાવી

દે એવું છે. **ઉપદેશમાલા** કહે છે -

**दूमिज्जंति तिरिया**
**जं तं लोए वि पच्चक्खं**

તિર્યંચો જે દર્દનાક દુઃખોને ભોગવે છે
તે તો સામાન્ય લોકોને ય પ્રત્યક્ષ છે.

ક્યારેક આપણે સિંહ થયા. કોઈ સાબરની પાછળ પડ્યા. એ બિચારું જીવ લઈને નાઠું. આપણે જોરાવર હતા એ દૂબળું હતું. ગણતરીની મિનિટોમાં આપણએ એને આંબી ગયા. એના માટે જીવન-મરણનો સવાલ હતો. એણે પોતાની બધી શક્તિ લગાડી દીધી. પણ એની બધી શક્તિ આપણી શક્તિ સામે કોઈ વિસાતમાં ન હતી. આપણે એને પકડી પાડ્યું. આપણે ગર્વિત હતાં, ક્રૂર હતા, હત્યા માટે લાલાયિત હતા, ભયંકર રૌદ્રધ્યાનમાં હતાં, આપણી એક જ તરાપે એના રામ રમાડી દીધાં. ખૂબ જ ગૃદ્ધિ-આસક્તિપૂર્વક આપણે એને ખાવા લાગ્યા. ને આ થોડી મિનિટોમાં આપણે ચોથી નરકનું સાત સાગરોપમનું આયુષ્ય નિકાચિત કર્યું. બીજા પણ ઘણા પાપો કર્યા. અને મરીને નરકમાં ગયા. **ભમીને લાખ ચોરાશી.**

**(૨) નરકગતિ :** નરકનું વાતાવરણ જોતાની સાથે આપણને ધ્રુજારી છૂટી ગઈ. આપણે દશે દિશામાં આપણો ભાગી છૂટવાનો રસ્તો શોધવા લાગ્યા. આપણી નજર બહાવરી બનીને ચકળવકળ ફરવા લાગી. કોઈ રસ્તો... કોઈ રસ્તો... કોઈ રસ્તો... જ્યાંથી ભાગી છૂટાય, પણ આપણને ખબર ન હતી, કે આજે કે કાલે નહીં.. ચાર-છ મહિને નહીં... વર્ષે નહીં... પચાસ-સો વર્ષે નહીં.. પાંચસો-હજાર વર્ષે નહીં.. લાખો વર્ષે... કરોડો વર્ષે નહીં... પણ અબજો અબજો અબજો વર્ષે પણ અહીંથી ભાગી છૂટવાનો રસ્તો મળવાનો નથી. અસંખ્ય અસંખ્ય અસંખ્ય વર્ષો સુધી ભયાનક અતિભયાનક મહાભયાનક દુઃખોને સહન કરવા જ પડશે... **કીધાં કર્મ વિણ ભોગવ્યા છૂટક બારી ન કોય.**

નરકની જમીન હતી અસ્ત્રાની ધાર જેવી. પગ પડ્યો નથી અને એના છોતરે-છોતરાં નીકળ્યા નથી. નરકનું વાતાવરણ હતું નરક જેવું. ત્રણે લોકમાં બીજા કોઈ સાથે એને સરખાવી શકાય તેમ ન હતું. એનું વર્ણન કરવા માટે ભયાનક, ખતરનાક - આ બધાં જ શબ્દો સૌમ્ય પડી જાય (મોળા પડી જાય) એવા હતાં. ત્યાંની દુર્ગન્ધ માથું ફાડી નાખે એવી હતી. ત્યાંની ઠંડી હિમાલયને હૂંફાળો કહેવડાવે તેવી હતી અને ત્યાંની ગરમી ભટ્ઠાઓને પણ થીજેલા કહેવડાવે તેવી હતી. પૂ. મુનિસુંદરસૂરિ મહારાજા **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રંથમાં કહે છે -

**दुर्गन्धतो यदणुतोऽपि पुरस्य मृत्यु-**
**रायूंषि सागरमितान्यनुपक्रमाणि ।**
**स्पर्शः खरः क्रकचतोऽतितमामितश्च**
**दुःखावनन्तगुणितौ भृशशैत्यतापौ ॥**

નરકની દુર્ગન્ધ કેટલી ?
જો ત્યાંનો માત્ર એક કણ અહીં લવાય,
તો એનાથી એક આખું શહેર મરી જાય.
ત્યાંનું આયુષ્ય કેટલું ?
સાગરોપમો ને સાગરોપમોનું ને એવું મજબૂત
કે શરીરના ટુકડે ટુકડા થઈ જાય
તો ય તૂટે નહીં.
કરવતને ક્યાંય સુંવાળું કહેવડાવે એવો તો
ત્યાંના પુદ્ગલોનો સ્પર્શ છે
ને અહીંની પરાકાષ્ઠાની ઠંડી-ગરમી કરતાં ય
ત્યાંની ઠંડી-ગરમી અનંતગણી હોય છે.

ત્યાં તો આપણને જોઈને બીજા ચાર નારકો દોડી આવ્યા. એકે રાક્ષસનું રૂપ બનાવ્યું, બીજાએ પિશાચનું, ત્રીજાએ ભૂતનું અને ચોથાએ ડાકણનું. ધડાકા-ભડાકા સાથે તેઓ ચારે દિશામાંથી દોડતા દોડતા આપણી તરફ આવી

રહ્યા છે. એમના પગલે પગલે ધરતી ધ્રુજી રહી છે, એમને જોતાની સાથે હૃદય બંધ પડી જાય, એવો એમનો દેદાર છે. એમના અટ્ટહાસો ભાવિના ભયનો સંકેત આપી રહ્યા છે. આપણે સૂઝ-બુઝ ગુમાવી દઈએ છીએ. એ ચારે આપણા સુધી પહોંચી જાય છે. એમનામાંથી બે જણ આપણને બે બાજુથી સજ્જડ પકડી રાખે છે. આપણે ચીસાચીસ કરવા લાગીએ છીએ, તો આપણા મોઢામાં મોટો અંગારો મુકી દેવામાં આવે છે. આપણી આંખો ટપોટપ આંસુઓ પાડે છે. આપણું એક એક રોમ ભયથી વિહ્વળ બને છે. આપણે છટકી જવા માટે મરણિયા બનીએ છીએ, પણ આપણા માટે ટસના મસ થવું પણ અશક્ય છે, તદ્દન અશક્ય.

ત્યાં તો ત્રીજા જણે આપણા શરીર પર રંદો ફેરવવા માંડ્યો. દૂધીની છાલ ઉતારતો હોય, તેમ આપણા આખા શરીરની ત્વચાને ગણતરીની ક્ષણોમાં ઉતારી દીધી. ચોથાએ આપણા પગના ટુકડા ટુકડા કરીને તેમાં આગ પેટાવી, આપણું પેટ ફાડીને તેમાંથી આંતરડા બહાર કાઢ્યા. પેટને કાપીને પેલા પગના ચૂલા ઉપર મુકી દીધું. છાતીમાંથી નીકળતું લોહી તે પેટમાં ભેગું કરી દીધું. પછી આંગળીઓના નાના નાના ટુકડા કર્યા. તેમાં તેજાબી ક્ષારો ભેળવ્યા અને તે ટુકડાઓને લોહીમાં નાંખી દીધાં. એક હાથ કોણીથી કાપીને તેનાથી ચમચાની જેમ તે હલાવવા લાગ્યા. બીજો હાથ કાપીને તેનાથી મોઢાના અંગારાને અંદર હડસેલી દીધો અને પછી તે આંગળીઓના ટુકડાને મોઢાંમાં નાંખવા લાગ્યા.

પેલી ડાકણ બોલવા લાગી : કેમ ? તને રોજ અવનવી રેસિપિઓ ખાવી હતી ને ? લે.. ખા.. આવી વાનગી તને દુનિયાભરમાં નહીં મળે. આવી ચટાકેદાર વાનગી તો ફક્ત અહીં જ મળે છે. માટે જ જેમને સ્વાદના બહુ ચટકા હોય છે, તેઓ અહીં આવ્યા વિના નથી રહેતાં.

પિશાચે જોયું કે આંગળીઓના ટુકડાં પૂરા થઈ ગયા છે, તો તેણે હાથના ટુકડે-ટુકડા કરીને લોહીમાં નાંખવા માંડ્યા. એક એક ટુકડાને તે આમ તેમ હલાવીને મોંમાં નાંખવા લાગ્યો. રાક્ષસને થયું કે હું રહી જઈશ, તેણે તરત

જ બીજા હાથના રાઈ રાઈ જેવા ટુકડા કરીને લોહીમાં નાંખવા માંડ્યા. લોહી ખૂબ ઝડપથી સૂકાવા લાગ્યું. એ ટુકડાઓને મોંમાં નાંખતા તકલીફ ન પડે એ માટે ભૂતે આપણો ઉપરનો અને નીચેનો હોઠ એક સાથે પકડીને ફાડી નાંખ્યો. આપણા હોઠ ઠેક કાન સુધી ફાટી ગયા. ભૂતે બંને હોઠ બરાબર પકડી રાખ્યા અને રાક્ષસે પેટનું આખું ય ભાજન એ મોઢામાં ઠાલવી દીધું. ડાકણને થોડો ધ્રાસકો પડ્યો કે આ જમણવાર આટલા સસ્તામાં પૂરો ન થઈ જાય એટલે એણે ઝટપટ છાતીની કોતરણી શરૂ કરી દીધી. ચિપિયાથી એમાંથી વટાણા જેવડા ટુકડાંઓ ખેંચી ખેંચીને એ મોઢામાં નાંખવા લાગી. છેવટે આપણી બંને આંખો ય ઉખેડી અને મોંમાં નાંખી દીધી.

આગમે આપણી આ દુર્દશાનું શબ્દશઃ વર્ણન કર્યું છે.

**कागणिमंसाइं खावेइ ।**

પાઉંભાજીની લારી જોઈને જ્યારે ડાગળી ચસ્કી જાય, ચાઈનીઝનું નામ સાંભળીને જ્યારે મોઢામાં પાણી આવવા લાગે, આઈસ્ક્રીમનું કાઉન્ટર જ્યારે ધર્મદઢતાને શિથિલ કરવા લાગે, પાણીપુરીના ચટકા છોડવા જ્યારે અસંભવિત લાગે, પીઝાની રેસિપી જ્યારે જરૂરી લાગે, ત્યારે નરકના આ જમણવારને યાદ કરજો. આગમ કહે છે -

**आहारमित्तकज्जे**
**मच्छा गच्छंति सत्तमीं पुढवीं ?**
**सचित्तो आहारो**
**ण खमो मणसा वि पत्थेउं ॥**

માછલાઓ સાતમી નરકમાં ય જાય છે
જેનું કારણ હોય છે આહાર.
સાવધાન. સચિત્ત આહારને ખાતા તો નહીં જ,
મનથી પણ તેની ઈચ્છા નહીં કરતાં.
એની મજા છે માત્ર એક ટીપાં જેટલી
ને એની સજા છે દરિયાઓ જેટલી.

આ છે માત્ર એક ઘટના. આવી તો અબજોની અબજો દુર્ઘટનાઓ થઈ. અવર્ણનીય વેદનાઓ સહન કરી, ત્યારે આપણા દુઃખોના દરિયાઓનું માત્ર એક ટીપું ઓછું થયું હતું. સંસારની એક એક વ્યક્તિ... એક એક વસ્તુએ આપણને અનંત અનંત વાર નરકના હવાલે કર્યા છે. સ્ત્રી-સંપત્તિ-સ્વજન-શરીર... ખુદ કેવળજ્ઞાની પણ આપણી સંપૂર્ણ નરકયાત્રાને જાણી શકે, પણ એનું વર્ણન ન કરી શકે, શબ્દો સીમિત છે, પણ એ વેદના અસીમ છે, આયુષ્યનો અંત છે, પણ એ દુઃખો અનંત છે. આગમ કહે છે -

**भणिउं पुण सो वि असमत्थो**

જેને કહેવા માટે તો ખુદ કેવળજ્ઞાની પણ અસમર્થ છે, એવી વેદનાઓને આપણે અનંત અનંત વાર સહન કરી છે. **ભમીને લાખ ચોરાશી હું આવ્યો...** નરકનું એ દીર્ઘ-સુદીર્ઘ-અતિદીર્ઘ આયુષ્ય પૂરું થયું, ને ફરી આપણી રખડપટ્ટી ચાલુ થઈ. તિર્યંચગતિની વિભિન્ન જાતિઓમાં ભટકતા ભટકતા દુઃખોને સહન કરતાં કરતાં આપણે ટીપે ટીપે પુણ્ય ભેગું કર્યું, અનંતકાળે એ ટીપાંઓથી દરિયો ભરાયો, ને આપણને મનુષ્ય ભવની પ્રાપ્તિ થઈ.

**(૩) મનુષ્યગતિ** : આશ્ચર્ય એ વાતનું હતું કે અનંત પુણ્યથી એ માનવ ભવ મળ્યો, પણ આપણે વિકલાંગ બન્યા, જન્મથી અંધ, એક પગ ટૂંકો, બીજો પગ વળેલો, બાળપણથી જાત જાતના રોગો, બુદ્ધિ સાથે બારમો ચન્દ્રમા... કહેવા પૂરતા આપણે માણસ હતા, બાકી તો જાનવર કરતાં ય જાય, એવો એ આપણો ભવ હતો. આપણે હોઈએ કે ન હોઈએ, સરવાળો કરો કે બાદબાકી, કોઈ ફરક પડતો ન હતો. આગમ કહે છે -

**पच्चक्खो गोणभूओ**

જાણે મૂર્તિમંત બળદિયો જોઈ લો - એવા આપણે માણસ હતાં. જાનવર કરતાં પણ બદતર રીતે આપણે એ ભવ પૂરો કર્યો. ફરી રઝળપાટ ચાલુ થઈ. અનંતકાળે ફરી માણસ થયા, પણ અનાર્યદેશમાં. અધર્મ એ જ આપણો ધર્મ હતો. માંસ એ જ આપણો આહાર હતો. ઘાસ વાઢવામાં અને અબોલ

જીવોના માથા વાઢવામાં આપણી દૃષ્ટિએ કોઈ ફરક ન હતો, આપણું ચાલે તો કોઈ માણસને ય રાંધીને ખાઈ જઈએ. એવી આપણી મનોદશા હતી. **ભમીને લાખ ચોરાશી હું આવ્યો.** અનંત અનંત પુણ્યના ઉદયથી મળેલા માનવભવને આપણે વ્યર્થ બનાવી દીધો. ના, બલ્કે અનર્થકારી બનાવી દીધો. એ એક જ ભવમાં આપણે બીજી લાખ ચોરાશીનું પેટ્રોલ પૂરાવી દીધું. **ભમીને લાખ ચોરાશી....**

ફરી અનંતકાળે માનવ થયા, તો આપણને પૈસાનું ઘેલું લાગ્યું. જીવન આખું પૈસાની પાછળ દોડવામાં વેડફી નાખ્યું. ખાવું-પીવું-સૂવું બધું જ હરામ કરીને આપણે પૈસાની પાછળ પડી ગયા. માંડ માંડ કંઈક ધન ભેગું થયું ત્યાં ઘરમાં આગ લાગી. ફરી નવેસરથી લોહી-પાણી એક કરી દરિયાપાર વેપાર કરવા ગયા તો માલ-સામાન સાથે આખું વહાણ ડુબી ગયું. ફરી એકડે-એક કરીને થોડો દલ્લો ભેગો થયો, તો ચોર ઉઠાવી ગયો. દરેક વખતે આપણે છાતી કૂટી કૂટીને અને માથું પછાડી પછાડીને રડ્યા. જાણે એક જ ભવમાં આપણા ફરી ફરી મોત થયા. હાથ-પગ ચાલતા હતા ત્યાં સુધી પૈસા માટે આકાશ-પાતાળ એક કર્યા. હૈયું ચાલતું હતું, ત્યાં સુધી પૈસા માટે હૈયાહોળી કરી. પૈસા પૈસા કરતાં મર્યા. ને સાતમી નરકમાં પહોંચી ગયા. પૈસા ત્યાંના ત્યાં રહી ગયા અને આપણે અસંખ્ય અસંખ્ય સદીઓના મહાભયાનક દુઃખોના હવાલે થઈ ગયા. **ભમીને લાખ ચોરાશી...**

ફરી થઈ અનંતકાળની રઝળપાટ, ફરી ક્યારેક માનવભવ મળ્યો. આ વખતનું પુણ્ય વિશિષ્ટ હતું. આર્યદેશ પણ મળ્યો. આપણી આજુબાજુમાં મોક્ષસાધકો ય હતા. રસ્તામાંથી પસાર થતા કાનમાં 'મોક્ષ' શબ્દ પડે, એવી સહજ સ્થિતિ પણ હતી, પણ આપણું મન ક્યાંક બીજે જ ખોટવાઈ ગયું હતું. જેનું નામ હતું સ્ત્રી. ૧૪ વર્ષની છોકરીથી માંડીને ૮૪ વર્ષની ડોશી સુદ્ધાને બુરી નજરથી જોવાનું આપણે છોડી શકતા ન હતાં. એના જ વિચારો, એની જ કલ્પનાઓ, એની જ શોધખોળો.. એના જ સંબંધી અધમાધમ તૃષ્ણાઓ.. ભયાનક વિષયવાસના... નિર્મર્યાદ વિષયભોગ.. હલકામાં હલકું

ચારિત્ર.... આપણે પરિવારથી-પૈસાથી- શાંતિથી-શરીરથી- બધી રીતે ખલાસ થઈ ગયા. નીતિવચનને આપણે સાચું પાડી દીધું.

**न तस्य धर्मो धनं शरीरं वा यस्य स्त्रीष्वत्यन्ताऽऽसक्तिः**

જેને સ્ત્રીઓમાં ખૂબ જ આસક્તિ છે, તે ધર્મ, ધન અને શરીરથી હાથ ધોઈ નાખે છે. આપણું બધું જ ધોવાઈ ગયું. બધું જ સાફ થઈ ગયું. ફક્ત આપણો આત્મા મેલો-દાટ થઈ ગયો. વેદનાથી ચીસો પાડતો સ્ત્રી-સ્ત્રી કરતાં મર્યો... ને એક સ્ત્રીની વિષ્ટામાં કીડા તરીકે આપણો જન્મ થયો. **ભમીને લાખ ચોરાશી હું આવ્યો.**

અનંત અનંત કાળે મળેલ માનવ ભવ... એમાં કેટકેટલા સંકલેશો-દુઃખો-ઉપાધિઓ... કેટ-કેટલા રોગો... કેવી ગરીબી.. આ બધાંથી ત્રાસી જઈને અનંતી વાર તો આપણે આપઘાત કરી લીધો. પૂ. **ધર્મદાસગણિ** મહારાજા **ઉપદેશમાલા**માં કહે છે -

**आजीवसंकिलेसो सुक्खं तुच्छं उवद्दवा बहुया ।**
**नीयजणसिट्ठणा वि य अणिट्ठवासो अ माणुस्से ॥**

આજીવન સંક્લેશ,
સુખ થોડું ને ઉપદ્રવો ઘણા,
હલ્કામાં હલ્કા માણસનું ય સાંભળવું પડે
ને જરાય ન ગમે ત્યાં ય રહેવું પડે,
આ બધી માનવભવની કરુણતાઓ છે.

**चारगनिरोहवहबंध-रोगधणहरणमरणवसणाइं ।**
**मणसंतावो अजसो, विग्गोवणया य माणुस्से ॥**

ક્યારેક જેલમાં પૂરાવું પડે, ક્યારેક હત્યાકાંડના ભોગ બનવું પડે, ક્યારેક મુશ્કેટાટ બંધાઈ જવું પડે, ક્યારેક ભયાનક રોગોમાં રિબાવું પડે, ક્યારેક બધું જ ધન લૂંટાઈ જતાં રોવું પડે ક્યારેક અણધારી રીતે કમોતે મરવું

પડે, ક્યારેક જીવતા શેકાવા જેવી મનોવેદનાઓને સહન કરવી પડે, ક્યારેક અપયશ ને વિડંબનાઓના ભોગ બનવું પડે, આ બધી જ મનુષ્યગતિની પીડાઓ છે.

**चिंतासंतावेहि य दरिद्दरूआहिं दुप्पउत्ताहिं ।**
**लद्धूण वि माणुस्सं मरंति केई सुनिव्विण्णा ॥**

કુટુંબના ભરણ-પોષણની ચિંતાઓ
અપમાન વગેરેથી થયેલા સંતાપો
આંસુ પડાવે એવી ગરીબી
ચીસો પડાવે એવા રોગો
કાતિલથી ય કાતિલ કર્મોના ઉદયો
આ બધાંથી હારીને-થાકીને-કંટાળીને
કેટલાંય માનવો આપઘાત કરી લે છે.

ઓરિસ્સાના ગામડાઓમાં લોકોના જાજરુંમાંથી અનાજના દાણા શોધતાં બાળકોને જોઈ લો, આફ્રિકામાં ગંધાતું ગટર જેવું પાણી પીતાં લોકોને જોઈ લો, લોકલ ટ્રેનના ભયાનક અકસ્માત પછી મડદાંઓના ઢગલાંમાંથી પોતાના દીકરાંઓના હાથ-પગ શોધતી માતાઓને જોઈ લો, દર્દીઓની દર્દનાક ચીસોથી ગુંજતી કેન્સરની હોસ્પિટલોને જોઈ લો, મોંઘવારીના ઉપાયરૂપે ઝેર ખાઈને લીલાછમ બની ગયેલા પરિવારને જોઈ લો. હત્યારી માતાઓથી ઉભરાતા એબોર્શન સેન્ટરોને જોઈ લો, આ છે આપણો ભૂતકાળ - **ભમીને લાખ ચોરાશી હું આવ્યો.**

**પુષ્પમાલા**માં પૂ. મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિ** મહારાજા કહે છે-

**तम्हा दारिद्द-जरा-परपरिभव-रोग-सोगाईकलियाण ।**
**मणुयाण वि णत्थि सुहं दविणपिवासाइनडियाणं ॥**

માટે ગરીબી-ઘડપણ-અપમાન-રોગ-શોક વગેરેથી સહિત ધનતૃષ્ણા આદિથી સતત વ્યથિત એવા માનવોને ય સુખ નથી જ.

આમ અનંતકાળ રખડતા-ભટકતાં કોઈ વાર શુભ અધ્યવસાય આવ્યો. યોગાનુયોગ તે જ વખતે આયુષ્યનો બંધ થયો અને આપણે દેવલોકમાં ઉત્પન્ન થયા.

**(૪) દેવગતિ** : દેવલોકમાં આપણે જોયું કે આપણા શરીર તેજસ્વી છે. રત્નોના ઢગલા છે, સૌન્દર્યવતી દેવીઓ છે, ઝળાહળા થતો આપણો આવાસ છે. આપણે ખુશ ખુશાલ થઈ ગયા. પણ આપણી એ ખુશી બહુ વાર ન ટકી. કારણ કે આપણે બીજા એવા દેવોને જોયા જેમના તેજની સામે આપણે તો કોલસા જેવા હતા. અરે, આપણે એમની સામે જોઈ પણ શકતા ન હતાં. એમના દેદીપ્યમાન રત્નોની તુલનામાં આપણા રત્નો તો પથરા જેવા હતાં. એમની અપ્સરાઓની સામે આપણી દેવી તો સાવ જ કદરૂપી લાગતી હતી. થઈ રહ્યું.. આપણે દુઃખી દુઃખી થઈ ગયા. ઘણી ઘણી હૈયાહોળી કર્યા બાદ આપણને એક દુર્બુદ્ધિ સૂઝી. પેલા દેવના રત્નોને અને તેની અપ્સરાઓને ચોરી જવાનો આપણે પ્રયાસ કર્યો. પણ એ દેવ તો આપણા કરતાં કે'ઇ ગણું પુણ્ય કરીને આવ્યો હતો, એનું અવધિજ્ઞાન ખૂબ પાવરફુલ હતું. એની શક્તિ આપણા કરતાં હજારોગણી હતી. એણે દિવ્ય પુદ્ગલોથી આપણા પર પ્રહાર કર્યો. રત્નો ને અપ્સરાઓની વાત તો દૂર છે, આપણને આપણી જાતનું પણ ભાન ન રહ્યું. આપણી દશા પાગલ કૂતરા જેવી થઈ ગઈ. અસહ્ય વેદનાથી આપણે ચીસો પાડવા લાગ્યા. ખરેખર ગાંડાની જેમ આપણે જ્યાં-ત્યાં ભટકવા લાગ્યા. ખુદ આપણા જ આવાસને અને પરિવારને આપણે ઓળખી ન શક્યા. દુષ્ટ દેવોએ આપણી એ દશાનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. આપણને જે જોઈતું હતું એ તો આપણને ન મળ્યું, પણ આપણું જે હતું, એ પણ જતું રહ્યું. આમ-તેમ લવારા કરતાં આપણે લથડિયાં ખાતા હતા, ને નીચ દેવો આપણને લાતો મારતા હતા. આપણે સતત છ મહિના સુધી એ ભયાનક પીડા સહન કરી, છેવટે આપણને કળ વળી. આપણે કંઈક ભાનમાં આવ્યા. આપણે જોયું કે આપણા રત્નો લૂંટાઈ ગયા છે. આપણને જાણ થઈ કે આપણી દેવી એ કોઈની મહાદેવી બની ચૂકી છે, ને આપણા પગ નીચેથી જાણે ધરતી સરકવા લાગી.

આપણે ફસડાઈ પડ્યા. આપણે પોક મૂકીને રડ્યા. રડી રડીને આપણી આંખો સૂઝી ગઈ. આપણે જાણે જીવતે જીવતા જ શેકાવા લાગ્યા. મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજા **અધ્યાત્મસાર**માં કહે છે -

**रमणीविरहेण वह्निना बहुबाष्पानलदीपितेन यत् ।**
**त्रिदशैर्दिवि दुःखमाप्यते, घटते तत्र कथं सुखस्थितिः ?॥**

પ્રિયાવિરહનું દુઃખ એક આગ બની ગયું.
આંસુઓની ઉષ્માએ એ આગને વધુ ભડકાવી.
આ સ્થિતિમાં દેવો જે દારુણ દુઃખને અનુભવે છે.
તેમાં સુખ ક્યાંથી હોઈ શકે ?

દેવીઓ ચ્યવન (મૃત્યુ) પામી અને આપણે રડ્યા છીએ. કોઈ આપણા રત્નો લઈ ગયું અને આપણે રડ્યા છીએ. આપણા મોતના ભણકારા વાગવા લાગ્યા ને આપણે ધ્રુસકે ધ્રુસકે રડ્યા છીએ. આપણે કો'ક ગધેડીના પેટે આપણે પરલોક જોયો ને આપણે માથું પછાડીને રડ્યા છીએ. દેવલોકમાં સુખ જ સુખ છે. આવી કોઈ તમને ગેરસમજ હોય, તો એને આજે જ કાઢી નાખજો. ઉપદેશમાલા કહે છે -

**ईसाविसायमयकोहमायालोभेहिं एवमाईहिं ।**
**देवा वि समभिभूआ तेसिं कत्तो सुहं नाम ? ॥**

ઈર્ષ્યા-વિષાદ-મદ-ક્રોધ
માયા-લોભ ને આવી બીજી ય ઢગલાબંધ વિડંબણાઓથી
દેવો ય દુઃખી દુઃખી થઈ જાય છે
તેમને વળી સુખ કેવું હોય ?

ચાર ગતિ તો વ્યવહારથી છે. નિશ્ચયથી તો એક જ ગતિ છે - નરક. જ્યાં દુઃખ હોય. તેને આપણે નરક કહીએ છીએ. ને ચારે ગતિમાં પ્રાયઃ દુઃખ સિવાય બીજું કશું જ નથી. માટે જ **પંચસૂત્ર**માં કહ્યું છે -

## दुक्खरूवे दुक्खफले दुःखाणुबंधे

આ સંસાર દુઃખસ્વરૂપ છે,
આ સંસારનું ફળ પણ દુઃખ છે અને
આ સંસાર પરંપરાએ પણ દુઃખની
હારમાળા સર્જનારો છે.

એક મિનિટ માટે નજરની સામે ચૌદ રાજલોકને લાવો.. ત્રણ ભુવનને સાક્ષાત્ જોવાનો પ્રયાસ કરો.. ચાર ગતિના અનંતાનંત દુઃખો પર આંતરચક્ષુને કેન્દ્રિત કરી દો... ચોર્યાશી લાખ યોનિના ભયાનક ભવભ્રમણને સ્મૃતિમાં લાવો અને પછી દાદા આદીશ્વરને કાકલૂદીભરી વાણીથી કહો-

**ભમીને લાખ ચોરાશી હું આવ્યો**
**પુણ્યે દર્શન તમારા પાયો**

ભમીને આ ત્રણ અક્ષરોનો સરવાળો ય અધધધ છે અને પુણ્યે આ અઢી અક્ષરનો સરવાળો ય કલ્પનાતીત છે. પ્રભુનું દર્શન આપણને કેટલા કાળ પછી મળ્યું, કેવી રીતે મળ્યું, કયાં મૂલ્યે મળ્યું... એનો આપણને ખ્યાલ નથી. પણ એટલું નક્કી કે પ્રભુનું દર્શન પામીને આપણે ન્યાલ થઈ ગયા છીએ.

### ધન્ય દિવસ મારો

અનાદિની આપણી આ દુઃખયાત્રા... આ ભવભ્રમણ... વીતેલા અનંત પુદ્ગલ પરાવર્તો... આ બધામાં સૌથી ધન્ય દિવસ એ છે જ્યારે આપણને પ્રભુનું દર્શન મળ્યું. આપણને હજી સંપત્તિ/સત્તા/સ્વાસ્થ્ય/સ્ત્રીના દર્શનની ઘેલછા હોય, તો એ આપણી મૂર્ખતા છે. હજી આપણે આ બધાં દ્વારા જ ધન્યતા અનુભવતા હોઈએ, તો એ આપણું ઘોર અજ્ઞાન છે. આ બધાનું દર્શન તો અનંત વાર થઈ ચૂક્યું છે. પણ એમાં આપણું કાંઈ વળ્યું નહીં. એનાથી આપણું કોઈ દુઃખ ટળ્યું નહીં. ધન્ય દિવસ તો આજનો છે. સમગ્ર વિશ્વમાં એક માત્ર પ્રભુની જ એ શક્તિ છે કે આપણને સમગ્ર દુઃખોથી

મુક્ત કરી શકે, અને પ્રભુને આપણે આ જ પ્રાર્થના કરવી છે.

**ભવના ફેરા ટાળો.**

This far no further.

બસ હવે આ લાખ ચોરાશીના ફેરા ફરી નથી ફરવા. વૈરાગ્યશતક કહે છે -

**जावंति केवि दुक्खा**
**सारीरा माणसा व संसारे ।**
**पत्तो अणंतखुत्तो**
**जीवो संसारकंतारे ।।**

સમગ્ર સંસારમાં
જેટલા પણ શારીરિક કે માનસિક
દુઃખો છે
તે બધાં જ દુઃખોને
જીવ અનંતી વાર પામી ચૂક્યો છે.

બસ, હવે બહુ થયું. હવે તો હદ થઈ ગઈ. નહીં, હવે નહીં... **ભવના ફેરા ટાળો.**

## ❁ ચતુર્થ દિવસ ❁

**પ્રભુજી અમે તો માયાના વિલાસી**
**તમે છો મુક્તિપુરીના વાસી**
**કર્મબન્ધન કાપો**
**મોક્ષસુખ આપો**
**જિનજી પ્યારા**
**આદિનાથને વંદન અમારા**

**'ભવના ફેરા ટાળો'** બહુ સરળતાથી બોલી ગયા, પણ પછી આપણને આપણી સ્થિતિનો ખ્યાલ આવે છે. શું આપણા ભવના ફેરા ટળી જાય એવું આપણું વર્તન છે ખરું ? પ્રભુ જો સ્પષ્ટવક્તા બને તો એમ કહી ન દે, કે ''કયાં મોઢે આ વાત કર છે ? 'ભમીને લાખ ચોરાશી હું આવ્યો.' આમાં કદાચ તારું દુર્ભાગ્ય છે. પણ તારો વર્તમાન ભવ તો એવું કહે છે કે 'ભમવા લાખ ચોરાશી હું આવ્યો.' - તું જ કહે, આમાં દુર્બુદ્ધિ સિવાય બીજું શું છે ?''

ચાલો, પ્રભુ આપણને કોઈ ઉપાલંભ આપે, એની પહેલા આપણે જ પ્રભુને પેટ છૂટી વાત કરી દઈએ. જાત-કબૂલાતમાં માફીના ચાન્સ વધી જતાં હોય છે... **પ્રભુજી અમે તો માયાના વિલાસી.** ત્રણ પ્રકારની માયામાં આપણે વિલાસ કરી રહ્યા છીએ.

**(૧) મોહમાયા** - સ્વજનો પ્રત્યેનું મમત્વ, શરીર પ્રત્યેની આસક્તિ, પૈસા પાછળનું પાગલપણું, સત્તા માટેની સ્પૃહા, નામના માટેની ભૂતાવળ - આ બધી જ મોહમાયા છે. સંસારના જે જે તત્ત્વે આપણને અનંત વાર બરબાદ કર્યા છે. તે તે તત્ત્વ પ્રત્યે હજી ય આપણા હૃદયમાં પૂરેપૂરો લગાવ છે, આનાથી મોટી આપણી બીજી કઈ કરુણતા હોઈ શકે ? ટપુડાને રમાડવા માટે આપણી પાસે બે કલાક છે, પણ સામાયિક કરવા માટે ૪૮ મિનિટ નથી. ગામની પંચાત કરવા માટે આપણે દોઢ કલાક ઊભા રહી શકીએ

છીએ, પણ સંઘની સેવાની વાત આવે, ત્યારે આપણો પગ ‘હવે’ અટકી ગયો હોય છે. ટી.વી. જોવાની આપણને બધી જ અનુકૂળતા છે, પણ પાઠશાળાનું નામ પડે ત્યારે ચિત્ર-વિચિત્ર કારણો આપણને ઘેરી વળે છે, વર્લ્ડટુર ખાતે અઢી કરોડ રૂપિયા આપણે ફાળવી શકીએ છીએ. પણ સાધર્મિક માટે અઢી હજાર રૂપિયા આપવાના આવે, ત્યારે મંદી અને મોંઘવારી આપણો હાથ બાંધી લે છે. દીકરાની માંદગીમાં આપણે રાતોની રાતો સુધી ઉજાગરા કરી શકીએ છીએ, પણ આત્માને સાજો કરવા માટે ધોળા દિવસના આરામને ય છોડી શકતા નથી.

**शक्तिनिगूहनं माया** - શક્તિને છુપાડવી, પૂરે પૂરી શક્તિને આરાધનામાં ન લગાડી દેવી, એનું નામ માયા. મોહમાયાએ આપણને બેવડી હાર આપી છે. એક બાજુ સાંસારિક તત્ત્વો આપણને વધુ ને વધુ દુઃખી કરતાં જાય છે અને બીજી બાજુ જે સાચા સુખના સ્રોતો છે, તેમનાથી આપણે વંચિત થતા જઈએ છીએ.

**सम्बन्धानात्मनो जन्तु-**
**र्यावतः कुरुते प्रियान् ।**
**तावन्तस्तस्य जायन्ते**
**हृदये शोकशङ्कवः ॥**

જીવ પોતાના જેટલા પ્રિય સંબંધો કરે છે, તેટલા તેના હૃદયમાં શોકના કાંટાઓ ભોંકાય છે.

મોહની માયાજાળમાં એક વાર ફસાયા એટલે પછી તરફડવાનું જ છે, ને ફરી ફરી મરવાનું છે. **પ્રભુજી અમે તો માયાના...**

**(૨) ભોગમાયા :** પાંચ ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ એ ભોગ માયા છે. આ એક એવી માયા છે, જેનાથી આપણે ખુદ આપણી જાતને છેતરીએ છીએ. **ઈન્દ્રિયપરાજયશતક** કહે છે -

**महिलाण कायसेवी, न लहइ किंचि वि सुहं तहा पुरिसो ।**
**सो मन्नए वराओ सयकाय परिस्समं सुक्खं ॥**

હાડકાને બચકા ભરતો કૂતરો
હકીકતમાં પોતાના જ લોહીને પીતો હોય છે.
ને છતાં ય હાડકાથી આ સુખ મળે છે એવું
એ માનતો હોય છે
બરાબર તે જ રીતે
સ્ત્રીના શરીરથી પુરુષને કોઈ જ સુખ મળતું નથી,
પણ તે બિચારો પોતાની કાયાના
પરિશ્રમને જ સુખ માને છે.

ભોગમાયા દારૂના નશા જેવી હોય છે. નશામાં માણસ ભાન ભૂલે છે, શુચિ-અશુચિનો વિવેક, સભ્યતા-અસભ્યતાનો ભેદ, સુખ-દુઃખનો ફેર - આ બધું નશામાં જણાતું નથી. બરાબર એ જ રીતે ભોગમાયાના નશામાં સ્ત્રી[૧] શરીરનું ચિતરી ચડે એવું સ્વરૂપ, એના જુગુપ્સનીય અંગો, સડેલા મડદાં જેવી એની ઓરિજીનલ દુર્ગંધ, વિવિધ છિદ્રોમાંથી નીકળ્યા કરતો દુર્ગંધી સ્રાવ- આ કશું જ દેખાતું નથી. હકીકતમાં હડકાયેલી કૂતરીના મડદાંને ચૂંથવું ને એક વિશ્વસુંદરીના શરીરને ચૂંથવું આ બેમાં શું ફરક છે ? **પરમ પાવન શ્રી તંદૂલવૈચારિક આગમ**માં કહ્યું છે -

**रागेण ण जाणंति वराया**
**कलमलस्स णिद्धमणं ।**
**ताणं परिणंदंता**
**फुल्लं नीलुप्पलवणं व ॥**

બિચારાં ને બાપડા જીવો રાગના નશામાં એ જાણી શકતાં નથી, કે

૧. સ્ત્રીઓ આ જ ચિંતન પુરુષ શરીર માટે કરે. હકીકતમાં બંનેના શરીર અશુચિ આદિ દોષોથી ભરેલા છે. અહીં પુરુષને ઉદ્દેશીને કહ્યું હોવાથી સ્ત્રીશરીરનો ઉલ્લેખ છે.

સ્ત્રીના અંગો તો દુનિયાની ગંદામાં ગંદી અશુચિને કાઢતાં ખાળ-ગટર જેવા છે. બિચારાં તે જીવો આવી બીભત્સ વસ્તુમાં પણ નીલકમળના ઉપવન વગેરેની કલ્પનાઓ કરી કરીને મિથ્યા આનંદમાં રાચે છે. **પ્રભુજી અમે તો...**

રાગનો નશો ઉતરે એટલે જીવને તરત પોતાના લજ્જનીય કૃત્યની પ્રતીતિ થાય છે. અશુચિમય અંગો પ્રત્યે એને જુગુપ્સા થઈ જાય છે. છી- આ મેં કેવું કર્યું, આવો એને પસ્તાવો થાય છે. પણ કા....શ.. આ પસ્તાવો- આ જુગુપ્સા - આ લજ્જા કાયમ ટકતા નથી. ફરી રાગનો નશો ચડે છે અને ફરી...

માટે જ શાસ્ત્રો કહે છે -

**भोजनान्ते स्मशानान्ते मैथुनान्ते च या मतिः ।**
**सा मतिः सर्वदा चेत्स्या-न्नरो नारायणो भवेत् ॥**

ભોજનના અંતે, સ્મશાનના છેવાડે
અને મૈથુનના અંતે
માણસને જે સંવેદના થાય છે
તે જો હંમેશા થાય
તો એ જરૂર ભગવાન બની જાય.

ભોજન પૂરું થાય એટલે સ્વાદલાંપટ્યનો અંત આવી જાય છે. એક હરતો-ફરતો દેહ નજરની સામે જ રાખના ઢગલામાં ફેરવાતો હોય, ત્યારે સંસારલાંપટ્યનો અંત આવી જાય છે અને મૈથુનના અંતે જ્યારે રાગનો નશો ઉતરી જાય, ત્યારે સ્ત્રીલાંપટ્યનો અંત આવી જતો હોય છે. બસ, આ ત્રણ અંતને જો અનંત બનાવી દઈએ, તો ભોગમાયાનો કોઈ અવકાશ જ રહેતો નથી. હકીકતમાં ભોગ એ ખુદ જ માયા છે. **ભર્તૃહરિ** કહે છે -

**कालो न यातो वयमेव याता,**
**भोगा न भुक्ता वयमेव भुक्ताः ।**

વાસ્તવમાં સમય પસાર નથી થતો હોતો આપણે પોતે જ પસાર થઈએ છીએ. એ જ રીતે આપણે ભોગોને નથી ભોગવતા ભોગો જ આપણને ભોગવતા હોય છે ને આપણો ભોગ લઈ લેતા હોય છે. પરમ પાવન શ્રી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં પ્રભુ વીર કહે છે.

**खणमित्तसुक्खा बहुकालदुक्खा**
**पगामदुक्खा अणिकामसुक्खा ।**
**संसारमोक्खस्स विपक्खभूआ**
**खाणी अणत्थाण उ कामभोगा ॥**

સુખ માત્ર ક્ષણનું છે, દુઃખ દીર્ઘ-સુદીર્ઘ કાળનું છે, સુખ સાવ જ તુચ્છ છે, દુઃખોના ડુંગરે ડુંગરાઓ છે, કામભોગો એ હકીકતમાં બીજું કશું જ નથી, પણ અનર્થોની ખાણ છે જેઓ અનાદિકાળથી જીવને સંસારમાંથી છૂટવા દેતા નથી.

'માયા' ને બરાબર સમજી લઈએ, તો આપણે કદી છેતરાશું નહીં. કોઈએ મજાની વાત કરી છે -

**સોનવરણી મૃગનું એ છળ હશે.**
**પ્યાસ ! પાછી વળ**
**નર્યું મૃગજળ હશે.**

ખરું સુખ તો ભીતરનું છે, ભોગનું નહીં, ભીતરના સુખને જેણે ચાખ્યું નથી, એ જ મૃગજળ જેવા ભોગોની પાછળ દોડે છે. જીવની કેવી કરુણતા !

**આ સવાલનો જવાબ જડે તો જણાવજે ।**
**પ્રયાગમાં નિવાસ અને સહરાની પ્યાસ હો ॥**

**પ્રભુજી અમે તો માયાના વિલાસી** - હજી આપણે 'વિનાશ' ને ઓળખી શક્યા નથી, માટે એને 'વિલાસ'નું નામ આપીને એમાં રાચી રહ્યા છીએ.

**(૩) યોગમાયા :** મોહ ને ભોગથી કંઈક ઉપર ઉઠીને આપણે 'યોગ'માં આવ્યા, તો ય માયા આપણો પીછો છોડતી નથી. આપણું ધ્યાન નવકારવાળીમાં કેટલું ? અને 'મને નવકારવાળી ગણતા કોણ જુએ છે', એમાં કેટલું ? અટ્ઠાઈમાં કર્મનિર્જરા કેટલી થઈ એનું આપણને વધારે ઈમ્પોર્ટન્સ છે ? કે શાતાપૃચ્છા કેટલી થઈ એનું વધારે ઈમ્પોર્ટન્સ છે ? કોઈ ન જાણે એવી શુદ્ધ આરાધના થઈ હોય, એનો આપણને વધારે સંતોષ હોય ? કે સેંકડો લોકો ચાર મોંએ અનુમોદના કરે એવી કોઈ બોદી આરાધના થઈ હોય, એનો આપણને વધારે સંતોષ હોય ? જો આપણા જવાબો નકારાત્મક હોય, તો સમજવાનું કે આપણે યોગમાં નથી, પણ યોગમાયામાં છીએ.

એક સમારંભમાં દાતાઓનું સન્માન થતું હતું. એક બહેનનું નામ બોલાયું. કોઈ આવ્યું નહીં. બીજી વાર નામ બોલાયું. ત્રીજી વાર વધુ જોરથી નામ બોલાયું. ચોથી વાર.. પાંચમી.. છટ્ઠી... સાતમી.. આઠમી .. નવમી.. ને દશમી વાર નામ બોલાયું, ત્યારે બહેનશ્રી હાજર થયા. આશ્ચર્યની વાત એ હતી, કે તે મંચની સામે જ પહેલી જ હરોળમાં બેઠાં હતાં. સન્માન કર્યા પછી તેમની પાસે ખુલાસો માંગવામાં આવ્યો. પૂછનારને પોતાની ભૂલ સમજાઈ જાય, એ રીતે બહેને છણકો કરીને કહ્યું - ''પહેલી જ વારમાં આવી ગઈ હોત, તો દશ વાર નામ થોડી બોલાત ?'' **પ્રભુજી અમે તો માયાના વિલાસી...**

પ્રભુ ! અમે જે છીએ - આ છીએ. દર્દી વધુ શું કરી શકે ? સિવાય પોતાના દર્દનું બયાન. **તમે છો મુક્તિપુરીના વાસી** - **तिन्नाणं तारयाणं** - નું બિરૂદ લઈને આપ બેઠાં છો, તો હવે અમારી સારવાર તમારે કરવાની છે... અમારી પ્રાર્થના માત્ર બે જ છે - (૧) **કર્મબંધન કાપો.** (૨) **મોક્ષસુખ આપો.**

આંખોમાં આંસુ ભરીને અને હૃદયમાં સંવેદના ભરીને પગલે પગલે પ્રભુને આ પ્રાર્થના કરીએ, ભિખારી બનીને પ્રભુ પાસે આ યાચના કરીએ. પ્રભુ આપણી ઝોળી જરૂર ભરી દેશે.

**અરજી ઉરમાં ધરજો અમારી**
**અમને આશા છે પ્રભુજી તમારી**
**કહે હર્ષ હવે**
**સાચા સ્વામી તમે**
**જિનજી પ્યારા**
**આદિનાથને વંદન અમારા**

રંગે હાથે પકડાયેલો ચોર પોલિસને કાકલુદી કરે, તેમાં કાંઈ ખામી હોઈ શકે છે. પરીક્ષાખંડમાં કાપલીઓ સાથે પકડાયેલો વિદ્યાર્થી પરીક્ષકને વિનવણી કરતાં કરતાં રડી ન પડે એ શક્ય છે. 'વન વે' માં ઉંધી દિશામાં બાઈક દોડાવતો યુવાન ટ્રાફિક પોલિસના પગે ન પડે, એ ય શક્ય છે. પણ દેશની તમામ કોર્ટોએ ફાંસીની સજા ફટકાર્યા બાદ એ આરોપી જ્યારે રાષ્ટ્રપતિની સમક્ષ દયાની અરજી કરતો હોય ત્યારે એની સ્થિતિ કેવી હોય ? એની આંખો અનરાધાર વરસતી હોય... એના ગળે ડુમો બાઝી ગયો હોય.. એના જોડાયેલા હાથ જ નહીં, એનું આખું શરીર ધ્રુજતું હોય. એનું એક એક આંસુ 'બચાવો પ્લીઝ બચાવો... હવે તમારા સિવાય મારો કોઈ રક્ષણહાર નથી.' એવી વિનવણીઓ કરતું હોય. એની દયાની અરજીનો માત્ર પત્ર જ નહીં, પણ આખેઆખી દયાની અરજીનું ચિત્ર જ દયામણું હોય. તમે એ ચિત્રની પરાકાષ્ઠાની કલ્પના કરો. એ ચિત્ર એના કરતાં પણ પરમ કાષ્ઠાનું હોય.

બસ, આપણી આંખોમાં, આપણા હોઠોમાં, આપણા દેહના રોમે રોમે ને આપણા હૃદયમાં આ જ ચિત્ર ઉપસાવીને આપણે ગદ્ ગદ્ ભાવે પ્રભુને કહેવું છે – **અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તમારી.**

હકીકતમાં આપણી દશા એ આરોપી કરતાં ય લાખો-કરોડોગણી દયામણી હોવી જોઈએ... ના, બલ્કે અનંતગણી દયામણી હોવી જોઈએ.

કારણ કે એ આરોપીએ તો માત્ર એક જ મોતમાંથી મુક્તિ મેળવવાની હતી. જ્યારે આપણે અનંત મૃત્યુથી માફી મેળવવાની છે.

કલ્પના કરો કે રાષ્ટ્રપતિ એ આરોપીને કહે છે, ''બોલ, હવે કોઈ ગુનો કરીશ ?'' આરોપીનો જવાબ શું હોઈ શકે ? શું એ ગલ્લા-તલ્લા કરે ? ઉડાઉ જવાબ આપે ? બહાના કાઢે ? કે પછી રાષ્ટ્રપતિના પગને વળગી જ પડે... ''ના, હવે તો મરી જઈશ પણ કોઈ ગુનો નહીં કરું. જાગતાં તો નહીં જ કરું, ઉંઘમાં-સપનામાં પણ નહીં કરું. પ્લીઝ, હું તમને ખાતરી આપું છું. મારા દીકરાના સોગંદ. પ્લીઝ, મને બચાવી લો.''

દાદા આદીશ્વર આપણી અરજી સાંભળીને આપણને એટલો જ પ્રશ્ન પૂછે છે, ''બોલ, હવે કોઈ પાપ કરીશ ?'' આપણો પ્રતિભાવ શું છે ? આપણા થોડાં પણ ગલ્લા-તલ્લા, આપણી થોડી પણ ઢીલાશ, આપણી અરજીને રદબાતલ કરી શકે છે. આપણે અરજી રજુ કરી. પ્રભુએ એ અરજી સાંભળી. એ અરજીને ઉરમાં = હૃદયમાં ધારી. પ્રભુએ એ અરજીને મંજૂર કરવાની દિશામાં આપણને આ પ્રશ્ન પૂછ્યો છે, અને હવે જવાબ આપવાનો વારો આપણો છે. આપણે પોઝિટીવ તો રિઝલ્ટ પોઝિટીવ. આપણે નેગેટીવ તો રીઝલ્ટ નેગેટીવ. પ્રભુએ જે આપણને પ્રશ્ન પૂછ્યો છે, તે આપણને છેતરવા માટે નથી પૂછ્યો. પ્રભુનો પ્રશ્ન સાવ જ સાચો છે. કારણ કે પ્રભુ ખુદ સાચા છે. **કહે હર્ષ હવે, સાચા સ્વામી તમે.** કવિ શ્રીહર્ષ કહે છે કે આ પ્રભુ તો રાષ્ટ્રપતિઓના પણ રાષ્ટ્રપતિ છે, મહામંત્રીઓના ય મહામંત્રી છે, દેવોના ય દેવ છે અને ઈન્દ્રોના ય ઈન્દ્ર છે.... દુનિયામાં બીજા કોઈ પણ સ્વામી હોય, તો એ બધાં નામના સ્વામી છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજાના શબ્દોમાં કહીએ, તો એ બધાં હોળીના રાજા છે. ખરા સ્વામી કોઈ હોય, તો એ છે દાદા આદિનાથ. **સાચા સ્વામી તમે.**

જ્ઞાનીઓ આપણને કહે છે - તમે દુઃખી છો, આજે જ નહીં, અનાદિકાળથી દુઃખી છો. આજની તારીખમાં ય તમારા લમણે અનંત મૃત્યુની સજા ફટકારાયેલી છે, પણ એના માટે તમારે બીજે ક્યાંય ભટકવાની જરૂર

નથી, બીજે ક્યાંય અરજી કરવાની જરૂર નથી. દાદા આદિનાથને અરજી કરો. પૂરા ભાવથી અને પૂરી આશા સાથે અરજી કરો. અરજી મંજૂર કરવા માટે પ્રભુ જે શરત મુકે તેને પૂરા ઉલ્લાસથી સ્વીકારી લો, પ્રભુના ચરણોમાં બિનશરતી શરણાગતિ કરો....બસ, પછી તમે ન્યાલ... સાચા સ્વામીનું શરણ લેવું એટલે ઉત્તરોત્તર શ્રેષ્ઠથી ય શ્રેષ્ઠ સુખોનું સ્વાગત કરવું. ન્યાલ, ખરેખર ન્યાલ-પ્રભુ આશાસ્પદ રીતે- આશાનું અંજન આંજીને આપણી તરફ જોઈ રહ્યા છે. (રિપિટ) હવે જવાબ આપવાનો વારો આપણો છે.

**યોગમાયા**

**હોઠોં પે હંસી દિલ મેં જ્વાલા હૈ,**
**ઉપર સફેદી ભીતર દિલ કાલા હૈ ।**
**દિખાવા ઈતના તો બઢ ચૂકા હૈ,**
**તિજોરી તો ખાલી પર ઉપર તાલા હૈ ।।**

✳ ✳ ✳ ✳ ✳

## *Priyam's*

| | | |
|---|---|---|
| * રામાયણમ્ | - | The path of the plasure |
| * માનવતા | - | Comedy & Tragedy |
| * સફળ થવું છે ? | - | Key of success |
| * ચમત્કારોની દિલધડક દાસ્તાન | - | Scientific solutions & stories |
| * ઔર ન ચાહું રે કંત | - | The divine love |
| * ચત્તારિ સરણં પવજ્જામિ | - | The complete dedication |
| * ભગવતીસૂત્ર સંવેદના | - | The beauty of the disciple |
| * દિવાળી ઉજવો એ પહેલા | - | The real celebration |
| * અમેરિકા જતાં પહેલાં | - | The visulisation of America |
| * ટોપ સિક્રેટ | - | The world today |
| * સત્ય | - | The beauty of the truth |
| * પ્રામાણિકતા | - | Honesty in my eye |
| * સંસ્કાર ABCD | - | Heart touching value education |
| * રાતે ખાતાં પહેલાં | - | The unknown secret of the health & the wealth |
| * હેપી હોલી | - | A better celebration of the festival |
| * હેપી ઉત્તરાયણ | - | |
| * હેપી રામનવમી | - | |
| * હેપી અખાત્રીજ | - | |


Available At :-

**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧ ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

email : info@navbharatonline.com web : www.navbharatonline.com

fb.com/navbharatsahityaMandir